
॥ હરિઃૐ ॥
હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 2 • Issue : 4 • 5th January, 2020 • Price : Rs. 10
















હરિ:ૐ આશ્રમ
હરિ:ૐ


હરિ:ૐ આશ્રમ

● વેબસાઈટ-ઈ-મેઈલ ●
www.hariomashram.org
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી ગૌતમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**હરિઃૐ ગુંજન અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે મનીઑર્ડરથી કે ચેક / ડી.ડી. મારફતે આશ્રમના સરનામે મોકલવા વિનંતી.
(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.
૨. હરિઃૐ આશ્રમ,
પો.બો.નં. ૭૪, નડિયાદ,
પીન કોડ : ૩૮૭૦૦૧.
મો. ૭૮૭૮૦૪૬૨૮૮

**● પ્રકાશન સ્થળ ●**
૮૯, પાયલ પાર્ક, સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

**હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત**

# હરિઃૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

વર્ષ-૨, અંક-૪ જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૦

## રમે જે નિત્ય મારામાં ઉતારું પાર તેહને

'આધાર આશ્રયે મારે રહી જે કર્મ આચરે,
પાપ તેનાં નિવારું છું તેમાં સંશય ના ખરે.' ૧

'મુજ-પ્રીત્યર્થ જે કર્મ અંતરે ધારીને મને,
આચર્યાં કરતો રે'છે, ના છે બંધન એહને.' ૨

'મારામાં ચિત્ત પ્રોઈને, મારામાં દૃઢ રૈ' હૃદે,
ધરીને લક્ષ ભક્તિથી કરે જે કર્મ, તે તરે.' ૩

'આશરો મુજ જે લે છે, મને સંભારતો રહે,
રમે જે નિત્ય મારામાં ઉતારું પાર તેહને.' ૪

'ભજ્યા જે કરશે હૈયે મને પળે પળે ઊંડું,
તેને મારો કરીને શો બનાવી દાસ હું લઉં !' ૫

'જેમાં તેમાં મને હૈયે જોયાં પ્રેમથી જે કરે,
પોતાનો ભક્ત તેવાને બનાવી ચાંપું છું હૃદે.' ૬

'મને સ્મર્યા કરી ભાવે, મને જે ભજતો રહે,
મને તે પામતો નિશ્ચે, મારું વચન છે ખરે.' ૭

*('જીવનગીતા', આ.-૪, પૃ. ૨૮૦)* *— મોટા*

## હરિઃૐ ગુંજન

**જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૦**

**માનદ્તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ**

**સંકલન : ડૉ. ચંપકભાઈ ર. મોદી
નડિયાદ.**

- **૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

### સાધક-લેખકોને નિમંત્રણ

પૂ. શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિક સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું. અનુકૂળતાએ મુદ્રિત કરવામાં આવશે.

### ❁ લખાણ અંગે ❁

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખ લેખકના પોતાના અંગત વિચારો છે.

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | હરિઃૐ આશ્રમના મૌનમંદિર – આધ્યાત્મિક ઉન્નતિનું સ્થાન | સં. રાજેન્દ્રભાઈ રાવલ | ૫ |
| ૨. | પૂજ્ય શ્રીમોટાને દીક્ષા | પૂ. શ્રીમોટા | ૧૧ |
| ૩. | જીવનગીતા, પ્રસ્તાવના | લલિતચંદ્ર દલાલ | ૧૩ |
| ૪. | જીવનગીતા, લેખકના બે બોલ | પૂ. શ્રીમોટા | ૨૦ |
| ૫. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૩ |

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

## વસંતપંચમી પૂ. શ્રીમોટા જ્ઞાનદિન ઉત્સવની ઉજવણી

**હરિઃૐ સત્સંગ મંડળ અમદાવાદ-નરોડા**

**ના**

**યજમાનપદે**

## વસંતપંચમી પૂ. શ્રીમોટા જ્ઞાનદિન ઉત્સવ

**ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે.
જેમાં સર્વે સ્વજનોને અચૂક પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

## તારીખ : ૦૨-૦૨-૨૦૨૦ ને રવિવાર

**❖ સ્થળ ❖**

**હરિઃૐ આશ્રમ**

**દખ્ખણીયો ઓવારો, શેઢી નદીના કાંઠે, જૂના બિલોદરા,
નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧ ● મો. ૭૮૭૮૦ ૪૬૨૮૮**

**કાર્યક્રમની વિગત ટાઇટલ નં. ૩ ઉપર છે.**

**તા. ૧૦-૧૧-૨૦૧૪, અ'વાદ**

મારે વળી આશ્રમ કેવો ? તમે બધાં જ ધારો તો જીવતો આશ્રમ થઈ શકો. જે કોઈ જીવ હૃદયમાંનું હૃદયથી બની જાય, તો શા કાજે કોને વળગેલું છે, તેનું તેને સાચું જ્ઞાન પ્રગટે અને તે પોતાની માનસિક ભૂમિકા જરૂર ઊંચે લાવી શકે. પ્રભુકૃપાથી જે સ્વજન આકાશ ભૂમિકાવાળા બની જાય, તો તેના દ્વારા પ્રકાશ ફેલાવવાનું પ્રભુનિર્મિત કાર્ય કેટકેટલું થઈ શકે, થવાની શક્યતા પડેલી છે અને ભરેલી છે ! તે જ મારે મન તો સાચો આશ્રમ છે.

પોતાની પાસે જે કોઈ આવે કરે, જેનો સંબંધ થાય, એમને એમને ઊંચી સમજણમાં લાવવાનું નમ્રતા ધારણ કરી કરીને કરે, ધર્મભાવનામાં રસ લેવાનું, સંસારી રાગદ્વેષ અને અદેખાઈના ઝઘડા ટાળવાનું સમજાવવાનું કાર્ય કરે અને શ્રી ભગવાનના નામસ્મરણથી એની ભક્તિમાં મન પરોવવાનું કરે, જે જે કાંઈ થાય કરે તે એ વહાલાને કાજે જ અને જે જે કંઈ થતું હોય તે પ્રેમભક્તિજ્ઞાન ભાવે સમર્પણ થયાં કરે તો આનાથી બીજો કોઈ ઉત્તમ આશ્રમ ન હોઈ શકે.

પૂજ્ય શ્રીમોટા કહે, મારે તો ઘરેડ પ્રમાણેનો આશ્રમ જોઈતો નથી. જ્યાંથી ભગવાનની ચેતનાશક્તિ, ભાવના જેમ વીજળીના મૂળ કારખાનામાંથી જ્યાં ત્યાં બધે વીજળી પ્રસરતી હોય છે તેમ તેનું આપોઆપ પ્રસરવાનું બને અને એવું પ્રત્યક્ષ અનુભવમાં આવે અને અંતરમાં સહજ ભાવના પ્રગટે ત્યારે જ પ્રભુપ્રસાદીરૂપે મળેલા એવા જીવોનું ભગવદીય થતું અનુભવાય તો જ એની કૃપાથી શોભે. આ જીવને ખાલી ખાલી પૂજાવું નથી, તેમાં તો જીવનનું મૃત્યુ છે.

શ્રી સદ્ગુરુએ મારામાં જેવો દીવો પેટાવ્યો તેવો કોઈ અન્ય જીવમાં પેટાવી શકાય તો જ સદ્ગુરુનું ઋણ ફીટે. આવું ઋણ વાળવાને માટે આ આશ્રમમાં મૌનમંદિરો કાઢેલા છે.

પૂજ્ય શ્રીમોટા કહે છે કે, જાતે ગડમથલ કર્યા સિવાય, જાતે સંગ્રામ માંડ્યા સિવાય, આ જ્ઞાન કોઈ કાળે મળી શકવાનું નથી. જાતે જ મથવું જોઈએ એ નિર્વિવાદ હકીકત છે. આજે આપણો સમાજ આશીર્વાદ અને કૃપા માગીને લૂલો થઈ ગયો.

પૂજ્યશ્રી કહે છે હું જગતને સત્ય તરીકે, Reality તરીકે, વાસ્તવિકતા તરીકે સ્વીકારું છું. એટલે જે કંઈ બન્યા કરે છે એ પણ વાસ્તવિક છે. એટલે જે કોઈ મદદ કરે છે તેને માટે પ્રાર્થના કર્યા સિવાય રહી શકતો નથી. મારા ગુરુમહારાજે કહ્યું હતું, તું આશ્રમો શરૂ કર. તેનાથી ઘણાં કાર્યો તારા થશે અને જે કોઈ મદદ કરશે એને કોઈ ને કોઈ રીતે બદલો વાળી આપીશ. મેં (પૂજ્ય શ્રીમોટા) અનુભવ્યું છે કે મારા ભગવાન કોઈ ને કોઈ રીતે બદલો આપે છે એ સોએ સો ટકા સાચી હકીકત છે. એમાં એક અક્ષરની પણ અતિશયોક્તિ નથી. પણ તમો આશ્રમને અંગે કામ કરશો તો તમારું કામ બાકી નહીં રહે. આનાથી હું તમને ભ્રમણામાં નાખવા નથી માગતો.

જીવનમાં જે કંઈ મળેલું છે તે આપણા બાપનું નથી, ભગવાનનું છે. લોકોએ એકબીજાના ખપમાં આવીને, એ સ્વીકારીને સમાજનું ઋણ અદા કરવું જોઈએ. પિતૃઓનું ઋણ એમનાં અધૂરાં રહેલાં કાર્યો પૂરા કરીને, દેવોનું ઋણ શુદ્ધ ભાવના સેવીને પૂરું કરી શકાય. દરેક આશ્રમમાં ઝાડ ઉછેર્યા એટલે જે ફળ ખાઈએ છીએ તે બીજાએ આપણા માટે ઉછેર્યા. એવા અનેક દેવાં માથે છે. એ જ હેતુથી મેં તમને સ્વજન માનેલા છે અને આ રીતે સમાજનું ઋણ અદા કરી શકાય.

આ મૌનમંદિરની અંદર ભગવાનની કૃપાથી અને ગુરુમહારાજના આશીર્વાદથી એવી ચેતનાશક્તિ રહેલી છે જેથી અંદર રહેલો માણસ આનંદમાં દિવસો પસાર કરી શકે છે. એ અંદર રહેલી ચેતનાશક્તિને પરિણામે બને છે. જેમ મંદિરની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા વગર પૂજા થતી નથી તેમ અહીં પણ પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે.

મૌનએકાંતના અનુષ્ઠાનથી જીવ એકદમ શિવ થઈ શકતો નથી પણ શિવ થવાની શક્યતા સાંપડે છે. સતત નામસ્મરણ અથવા કોઈ ને કોઈ રીતે પ્રભુભાવનાને સતત એકધારી જ્ઞાન-ભક્તિયોગ ભાવે રાખી શકવાના પ્રયત્નમાંથી પ્રભુકૃપાથી જીવ ને 'લાગી' જવાનું છે. અનુષ્ઠાન આકરી રીતે કરવાનું અને તેમાં સમય લંબાવાનો હોય છે. પ્રભુકૃપાથી સ્વજનો આ હેતુ માટે જ મળ્યા છે.

કર્મયજ્ઞ મોટામાં મોટો યજ્ઞ કહેવાયો છે. સંસારમાં સ્વાર્થ રહેલો છે તેમાં પણ નિરહંકારપણે, નિર્મમત્વપણે, પ્રભુપ્રિત્યર્થે થયેલ કર્મ યજ્ઞરૂપ છે. મનની દ્વિધારહિત કર્મ કરવા જોઈએ. જેવી રીતે ધન મોટામાં મોટી શક્તિ છે તેવી રીતે ગુણ પણ શક્તિ છે. ગુણશક્તિ માટે ભગવાનનું સ્મરણ કરવું એ મોટામાં મોટો યજ્ઞ છે. અહીં એ યજ્ઞ આદરેલો છે. કેટલાયને અંદર શાંતિ મળે છે, સાચું સૂઝે છે. કર્મમાં જેને ભાવના પ્રગટતી ન હોય તેવાને અહીં ભાવના પ્રગટે છે. આ એવું જ્ઞાન છે કે જેને અનુભવ્યા સિવાય સમજાય નહીં. આ પ્રયોગ હિંદુસ્તાનમાં કોઈ ઠેકાણે ચાલતો નથી, પરંતુ ગુરુમહારાજે આ અવનવો પ્રયોગ બતાવ્યો છે. ભાવનામાં જાગૃત થઈ જવાય તો બીજા જન્મે આ જ માર્ગે જલદી જવાય. આવું થાય તો શરીરનો જન્મ પણ તરત થાય. નહિ તો જીવને જન્મ લેતાં ઘણો સમય જાય છે. સાત્ત્વિક પુરુષનો જન્મ જલદી થઈ જાય છે. જ્ઞાનચેતનાવાળો પુરુષ કૃપા કરે અથવા ભગવાનના નામસ્મરણમાં નિરંતરતા પ્રગટે અને ભાવના જાગે તેના કારણે સૂક્ષ્મમાં સંસ્કાર પડે તો જન્મ જલદી થાય. યા હોમ કરીને ઝંપલાવવાનું દિલ જાગ્યું નથી ત્યાં સુધી કંઈ વળે નહીં. સૂક્ષ્મમાં ચેતનાત્મક સંસ્કારના પ્રવેશ વગર જીવનો ઉદ્ધાર શક્ય નથી. શરીરના સૂક્ષ્મ તત્ત્વો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં સંસ્કાર પડવા જોઈએ. આવું બન્યા વિના યોગવિદ્યા કહી શકાય નહિ. હા, નામ લઈ શકાય. માટે નામસ્મરણને મોટામાં મોટો યોગ જ્ઞાની પુરુષોએ ગણ્યો છે.

જપયજ્ઞમાં પૈસાનો ખર્ચ નહિ. ભગવાનના નામનો જપયજ્ઞ કરવાથી ચિત્તમાં સંસ્કારોનો પ્રવેશ કરાવી શકાય છે. આમાં ઉચ્ચારની પણ અસર હોય છે. પણ એમાં નિરંતરતા પ્રગટવી જોઈએ. આમ બને તો કામ, ક્રોધ, મત્સર ઘટે અને સહજ પ્રયત્નથી આગળ વધી શકાય. સૂક્ષ્મમાં સંસ્કારોનો પ્રવેશ થયા વિના ઉદ્ધાર નથી. તમે ચિંતામુક્ત દિલથી ભગવાનનું નામ લઈ શકો એટલા માટે આ હરિઃૐ આશ્રમ છે. આ પદ્ધતિ ગુરુમહારાજની કૃપાથી થઈ છે. એમની કૃપાથી જ ચલાવીએ છીએ.

સાધુ, મહાત્મા, ભક્ત લોકોના સંકલ્પ કદી મિથ્યા થઈ શકતા નથી. મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે, તારે અનેક જીવો સાથે કર્મપ્રારબ્ધ ભોગવવાનું છે તે સારું, નરસું બધી રીતનું હોય, જે જીવો તને મળે એની સાથે એવું પ્રારબ્ધ ભોગવવું કે જીવોનું કલ્યાણ થાય. મેં પૂછ્યું, કેવી રીતે ભોગવવું ! તેના જવાબમાં આ જાતના મૌનમંદિરના ઓરડા બનાવવા કહેલું. જેથી એ બધા જીવોની ગતિ ઊંચી થાય. બધા સાથે સુમેળ, પ્રેમ, સદ્‌ભાવનો ગુણ કેળવાતો થાય અને આમ અંદર પુરાઈને અંતર્મુખતા કેળવે તો એનું કલ્યાણ થાય. આવી રીતે જીવ એકવીસ દિવસ એકવીસ વખત બેસે તો એવા જીવોનું કલ્યાણ થાય એ નિશ્ચિત હકીકત છે. એકવીસ વર્ષથી આ પ્રયોગ કરતા આવ્યા છે.

ભાગવતી જીવન કપરું છે પણ તેનાથી ઊંચે ચઢાય છે. જીવદશા એ પતનની દશા છે. એમાં દ્વંદ્વની દશામાં હોવાથી સારું-નરસું, પાપ-પુણ્ય વગેરે સંસારવહેવારમાં કરતા હોવાથી પોતાને આપણું ભાન જાગતું નથી અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેને આવો વિચાર કરવાનો અવકાશ મળતો નથી. તેને માટે આવા મૌનમંદિરના ઓરડા ઉત્તમ સાધન છે. અહીં જીવ પોતાને વિશે તટસ્થતાપૂર્વક વિચારી શકે. પોતાની જાતને ઓળખી લો, બીજાને ઓળખવાનું તારું ગજું નથી. બીજા સાથે પ્રેમ કરવાનું શીખ અને પ્રેમ કર.

આપણે મળેલાં કર્મને પણ ઉત્તમ રીતે કરવા હોય તો પણ મૌન એકાંતની જરૂર છે. એ ફક્ત પ્રયોગ કરવાથી સમજાશે. માણસ અંદર બેસે છે, એકલું જ પુરાવું પડે. એટલે આપોઆપ ખબર પડે. આપોઆપ પ્રગટે એ જ ખરો પ્રસાર. મૌનમંદિરમાં તો મનુષ્યની ભાવના ઊંચી જ પ્રગટે. મૌનમંદિરનું અંધારું આપણા જ્ઞાનતંતુને પોષક, ચિત્તશુદ્ધિને પોષક છે.

આપણા આધારમાં પણ એવાં સ્થાન છે, જ્યાં વિચારના લાગણીના સંસ્કાર પડે છે અને ઘર કરે છે. શરીરમાં છ ચક્રો છે. એ સૂક્ષ્મ છે. ડૉક્ટરો કે વિજ્ઞાનીઓ એ પામી શક્યા નથી. જ્યારે ભગવાનના નામસ્મરણમાં અખંડિતતા પ્રગટે છે, પરિણામે જ્ઞાનતંતુમાં ગતિ થાય છે. ત્યારે આ છ ચક્રોમાં પણ ગતિ થવા માંડે છે. જીવનમાં ભગવાનની ભાવનામાં જેની નિરંતરતા છે તેનામાં આ છ ચક્રો જીવતાં થાય છે. આ છ ચક્રો જીવતાં થવાથી તે ગતિમાન થાય છે ત્યારે શરીરની શક્તિ જુદા પ્રકારની બને છે. શરીર ત્રણ પ્રકારનાં છે : સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર. પાપ-પુણ્ય પ્રમાણે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે અને એ પ્રમાણે ગતિ થાય છે. માત્ર શરીર છોડવાના સમયે જ ભગવાનની ભાવનામાં સ્થિતિ રહે તો તેની અસર બીજા જીવનમાં રહે અને મિસ્ટીક-ગૂઢશક્તિ, ગુહ્ય શક્તિ શોધાઈ છે અને તેના ઘણાં સંશોધન થયાં છે.

આપણામાં પુરુષ અને પ્રકૃતિ એવાં બે તત્ત્વ છે. પુરુષ સુષુપ્ત દશામાં છે. એને જાગતો કરવો પડે છે. જાગતો થવાથી જ ભગવાનની ભાવનામાં નિરંતરતા પ્રગટે પછી એ પ્રકૃતિને ચલાવે. પુરુષ તત્ત્વ જ નક્કી કરે, એમાં પ્રકૃતિનું ચાલતું નથી. ગુહ્ય અને ગૂઢ વિધિના સંસ્કાર નાખી દીધા છે તે જાગૃત થાય છે અને બીજા જન્મમાં ખૂબ આગળ વધે છે. બીજો જન્મ લે ત્યારે આગળ કેવી રીતે જવાય તેની ગૂઢવિદ્યા શોધી કાઢી અને તેના જાણવાથી રાજા બની જવાય. તેને ભગવાનની ભાવનામાં રમમાણ રહેવાનું જ ગમે છે. માટે આપણા સૂક્ષ્મમાં આવી ભાવના ઊતરે તો બીજા જન્મમાં મદદ મળે અને ભગવાનનું સ્મરણ એ નિર્દોષ નિર્મળ સાધન છે. જેનાથી ભાવના જીવતી થાય છે. જ્યારે તમન્ના હોય ત્યારે જ તે જાગતી રહે. ધીમે ધીમે અભ્યાસ વધારીને અજપાજપની (૨૪ કલાક) સ્થિતિએ પહોંચવું જોઈએ. એમ થાય તો હૃદયની અંતરની ભાવના પ્રગટવા માંડે છે. એ ખરી સાધના છે. આત્માના પ્રકાશને અનુભવવાની ખરી સાધના છે. તમન્ના જાગે તેના માટે સરળ છે.

ભાવનાથી કરીને લોકોના જીવનને ઊંચે આણવું એ પણ મોટામાં મોટી સેવા છે. સમાજની સાથે તારે એ રીતે વર્તવું એમ મારા ગુરુમહારાજે કહેલું.

આમ, મૌનઆશ્રમમાં બેસાડવાનું, તેમાં નામ લો. નામસ્મરણની ભાવનાથી દિવસનો મોટો ભાગ પસાર થાય, જેનાથી અભિરુચિ થાય અને મળેલાંની ગતિ ઊંચે થાય તે માટે આ મૌનયજ્ઞ શરૂ કરવાનું કહ્યું. તારે (શ્રીમોટા) સાચી વાત કરવી. ઉચ્ચ વાત કરવી નહીં, કારણ કે લોકોની-સમાજની તેવી ભૂમિકા નથી.

વૈરાગ્ય એટલે નિર્લોભ, નિરહંકાર, નિર્મમત્વ, નિરભિમાનપણું એ બધાનો કુલ સરવાળો (સમ ટોટલ). જ્ઞાનની વાતો ખોટી, સમાજ આચરણથી ઊંચો આવે. જ્યાં સુધી રાગદ્વેષ મોળા નથી પડ્યા ત્યાં સુધી એકબીજા પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ, ત્યાગ, ઉમળકો પ્રગટાવો એ પણ સેવા છે. આમ કરતાં સ્મરણ કરીએ તો એવો ઉઠાવ થાય તે અનુભવી સમજી શકે. એટલું બોલવાથી-ઉચ્ચારણથી લાભ થાય એ કબૂલ. મૌનએકાંતમાં અંદર સંસ્કારો ઉતરે છે. માણસ પોતાને સમજતો થાય છે. પોતાના વિશે વિચારતો અને આચરતો થઈ જાય છે. તે માટે મૌનમંદિર ઊભાં કર્યાં છે. અંદર બેસવાથી મનની એક સ્થિતિ રહે છે જે સંસારવહેવારમાં હોતી નથી.

જે કરવાનું છે તે આપણે કરવાનું છે. આ દેખાય છે કે તે દેખાય છે તેનો વિચાર ન કરવો. બ્રહ્મનો ગુણધર્મ-શક્તિ પ્રગટ થાય તો સાક્ષાત્કાર થાય. અસાધારણ શક્તિ (Abnormal Power) દિલ પ્રગટેલું હશે તો અનુભવાશે. પ્રારબ્ધ નિમિત્તે પ્રગટે ત્યારે એ પાર જઈ શકે છે. એ મર્યાદાને પણ ઓળંગી શકે છે એવો અનુભવ અંદર બેઠેલાને થાય છે.

ચેતન વિસ્તાર પામે છે. ભાવના એકાગ્ર બને અને તેને કેન્દ્રિત કરવામાં આવે અને ઉચ્ચ કોટીએ જાય પછી ગાઢતા પ્રગટે, તે સિવાય નહીં, અહીં તો બ્રાહ્મણ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી બધા બેસી શકે. પૂજ્ય શ્રીમોટાએ એક ડોસાને, મક્કમ નિર્ધાર જોઈને કહ્યું હતું કે, તમારી સાથે અંદર કોઈક હશે એ નક્કી માનજો અને તેઓએ તેમના નિવેદનમાં નોંધેલું કે કોઈ દિવસ એકલાપણું લાગ્યું નથી.

એ ભાવનાને સળંગ રાખવા માટે સામાન્ય રીતે દરેક જીવને એની પોતાની પસંદગીની રીત માટે આવા એકાંતની જરૂર ખરી. આ કારણે આવા આશ્રમોની જરૂર છે. આમાં સંપ્રદાયનું બંધન નથી. પૂજ્ય શ્રીમોટા સિવાય, કોઈ પણ ફોટો મૂકવામાં વાંધો ના હોય.

ભગવાનની શક્તિ તો જ્યાં જોઈએ ત્યાં નજરે પડશે. પણ એવી દૃષ્ટિ ખૂલવી જોઈએ. કોઈ સાધના કે ભક્તિ ન કરે તો પણ એને જેમાં ને તેમાં ભગવાનનું મહત્ત્વ લાગે, સમજાય તો એમ માનવું કે એના દિલમાં ભક્તિ પાંગરવા માંડી છે. એટલે જેનામાં ભૂમિકા કે તાકાત હોય ત્યાં જ ચેતનનો સ્પર્શ થાય છે. અહમ્ જ્યારે સમુળગું ઓગળી જાય છે ત્યારે જ તે ભગવાનને મહત્ત્વ આપે છે. જ્યાં સુધી ભગવાનને મહત્ત્વ આપતા નથી ત્યાં સુધી એ સાધક કે ભક્ત નથી એટલે કે એનામાં ભક્તિ પાંગરી નથી. એટલે આપણા પોતાના વિકાસ ખાતર રાગદ્વેષ મોળા પાડો, પૂર્વગ્રહ છોડો, સદ્ભાવ, સહાનુભૂતિ કેળવો. બીજાનો વિચાર છોડો, માત્ર તમારો જ વિચાર કરવાનો છે. બીજા કોઈ આપણી કુથલી કે નિંદા કરે તો પણ આપણને કંઈ ન થાય. બીજાની વાત તદ્દન છોડો એવી રીતે વર્તો તો જ ભગવાનના સ્મરણમાં ઉઠાવ થશે. આવું તમે કરશો તો તેનાથી ઓથ, હૂંફ, બળ, ઉઠાવ વગેરે મળશે અને અણીને વખતે સ્મરણ ખપ લાગશે તેમજ ટકી રહેવાશે. માટે ભગવાનનું સ્મરણ લીધેલું કામનું.

મૌનમંદિરમાં પુરાશે તો શાંતિ થશે. અંદર બેસનારથી નામ લેવાય છે એ હકીકત છે. નોખા થવાથી જ એકાગ્રતા આવે અને શાંતિ પ્રગટે તે અનુભવની હકીકત છે. આ એક જુદા પ્રકારનો અનુભવ છે, જે લેવા જેવો છે અને સમજી શકાય તેવો છે. મૌન ઓરડામાં બેસવાનું મળે અને જે નામસ્મરણ અહીં લેવાય તેના સંસ્કાર એટલા જ ઊંડા પડે છે. આવા એકાંતમાં કોઈ પણ જાતની પ્રવૃત્તિ વિના રહીએ ત્યારે ભગવાનની ધારણા એટલી ઊંચે જ લઈ જાય છે અને એ કારણે રોગ, દુઃખ, મુશ્કેલી વગેરેમાં ખૂબ જ મદદરૂપ નીવડે છે.

મૌન એકાંતનો સમય મારે મન તો આ જીવ સાથે તે તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે. જો તેવું ન થયું હોત તો તમારામાંનું કોઈ પણ મારી સાથે

રહી શક્યું ન હોત. 'પૂજ્ય શ્રીમોટા' પ્રત્યે જે આદરભાવ, ભક્તિભાવ રાખો છો એનું આ પરિણામ છે. આશ્રમ તો એક સંસ્થા છે, જે જડ ગણાય, પણ ચેતન પરત્વે જેટલો ભાવ વધારશો તેટલું વધુ સારું પરિણામ આવશે.

સંસારમાં સ્વાર્થની રીતે ભગવાનને ભજીશું તો એનો પણ બદલો મળશે પણ સવારથી ઊઠીને ભગવાનનો ખ્યાલ રાખી કામકાજ કર્યા કરીશું તો મન હળવું રહેશે, મુસીબતો ટળશે અને શાંતિ મળશે. ભગવાન સાથે પ્રેમભાવભર્યો સંબંધ દિલથી કરશો તો તે અણીને વખતે જરૂર મદદ કરશે. આપણે ભલે સંસારના રગડામાં પડેલા હોઈએ પણ એને સંસાર-વહેવારના કામમાં પણ જીવતો રાખીએ તોય એની મદદ મળે જ છે. મૂળ વાત - એટલે ધ્યેય પ્રાપ્ત કરવા ભગવાનનું સ્મરણ કરો, પ્રાર્થના કરો, નિવેદન કરો. પ્રાર્થના, નિવેદન વગેરેથી ધ્યેય સન્મુખ થશે. ગુરુમહારાજે આ રસ્તો બતાવ્યો કે, માનવીને એકલો મૂકી દેવાથી એને પોતાનું દર્શન થશે અને એટલે આપમેળે વિચારશે.

મારા ગુરુમહારાજે મને વચન આપેલું કે, જે કોઈ તને મદદ કરે તેનું તારા માથા પર ઋણ ન રહે. પણ મને એમ કે જે મને મદદ કરે તેનું શું ? તો કહે કે, નિશ્ચિંત થા. તને જે કોઈ મળશે અને મદદ કરશે તેનું કલ્યાણ થશે. ત્યારે મને નિરાંત થઈ. નામ સ્મરણનો સતત અભ્યાસ ચાલુ રાખશો તો ઉત્તમ પ્રકારની ગતિ થશે. માટે મોટાના સંબંધમાં આવ્યા છો તો વિચારો. કોરા ને કોરા ન રહેશો. મારી તો ઉત્કંઠતાવાળી, તત્પરતાવાળી તૈયારી છે. બુદ્ધિથી વિચારીને નહિ પણ ભગવાનની પ્રાર્થના કરીને મદદમાં આવવા પ્રયત્ન કરું છું. મારા દિલમાં તો તમને ઉપયોગમાં આવવા માટેની ખરેખરી ઝંખના છે. પણ એ સાથે ભાવનાથી કરીને ઊંચે આવવાની તમારી પણ તૈયારી જોઈએ. આશ્રમ થયા પછી મેં તો બધાને ચાહ્યાં છે અને દિલનો સંબંધ રાખ્યો છે. તમને ચાહીને મેં તો ભગવાનનો જ સંબંધ બાંધ્યો છે અને કોઈક વખત તમારી પાસે માગું છું તો એમાં ભગવાનની સેવા છે અને એમ કરીને તમારી સેવા કરું છું. એની પાછળ હેતુ છે. એવા કોઈ કર્મથી મળેલાની ગતિ ઊંચી થાય એ હેતુ છે. ગુરુમહારાજનો હુકમ છે કે, જે જે મળે તેની ગતિ ઊંચી થાય એવી રીતે તારે વર્તવાનું છે. એટલે મળેલાની સાથે એવો સંબંધ બાંધવો કે એ લોકોનું મોટા પરત્વે દિલ પ્રગટે. એ કેવી રીતે થશે એની મને ખબર નથી.

ચેતનમાં નિષ્ઠા પામીએ એનાં પણ લક્ષણો તો હોવાં જ જોઈએ. આપણામાં ચેતના પ્રગટતી હોય તો ખબર કેમ ન પડે ? ચેતન પ્રગટવાથી તો અનેક ગણું કામ કરવાની શક્તિ પ્રગટે. ચેતનથી તેજ પ્રગટે, નમ્રતા પણ પ્રગટે. પણ એ નમ્રતા સાથે નિઃસ્પૃહા હોય છે. ચેતનમાં નિષ્ઠા પામેલા જીવ નિઃસ્પૃહ અને સ્પૃહાવાળા પણ હોય છે. એ વહાલ પણ કરે અને ગુસ્સોય કરે. એ કોઈની પરવા ન કરે. એને તો ભગવાનની ઓથ હંમેશાં હોય છે. એ સદાસર્વદા નિશ્ચિંત હોય છે. જ્યારે કહેવાનું હોય ત્યારે સાફસાફ કહી દે છે. એ પોતાના વહેવારપ્રયોગથી સાબિત કરી બતાવે છે કે એને ધનનો લોભ નથી, કે કોઈ પણ પ્રકારની ચિંતા નથી, પણ આપણું દિલ જો પ્રેમભક્તિવાળું ન પ્રગટ્યું હોય તો એ બધું ઉપરથી ચાલ્યું જાય છે.

એક ડૉક્ટર દંપતીએ પૂજ્યશ્રીને પ્રશ્ન કર્યો કે, ચેતનને ખોળવાની શી જરૂર છે ! બધું જ ચેતન જ છે ને ! બોલીએ, સ્વાદ કરીએ, કામ કરીએ છીએ. ત્યારે પૂજ્યશ્રીએ એમને પૂછ્યું, સંસારવહેવારમાં ઘર્ષણ, સંતાપ, વેદના, દુઃખ, અથડામણ થાય છે કે નહીં ? છતાં સુખ જ ગમે છે ને ? સુખ અનંતકાળ રહે એવું મળે તો ગમે કે નહિ ? માટે અનંત સુખનો અનુભવ થાય, ગમે તેટલું દુઃખ હોવા છતાં એવી સ્થિતિ પ્રગટે કે સુખનો અનુભવ જાય જ નહીં, એવી સ્થિતિ પ્રાપ્ત કરવા

માટે ઉપાય શોધવા. આપણામાં કામક્રોધાદિ અનંતકાળથી છે. એનો Impact (એની અસર) છે એ જવો જોઈએ. અનંતકાળ લગી શાંતિ અને સુખ ટકે એ માટે ચેતનનો વિચાર આવ્યો. આ અનુભવનો વિચાર છે. જેને પોતાનું જીવન ફના કરવાની તૈયારી હોય એ જ એ પામી શકે. મને અનુભવથી લાગ્યું એટલે આ આશ્રમ કર્યો.

મૌનમંદિરો એટલા માટે બંધાવ્યા કે લોકો અંદર અઢાર કલાક સળંગ સ્મરણ કરે, મથે. એના સંસ્કારો ઘણા ઊંડા પડશે. અંદર રહેશો તેટલો વખત બહારની પ્રવૃત્તિ પણ બંધ પડશે. મારા ગુરુમહારાજે કહેલું કે, તારી આ પ્રવૃત્તિ તારી હયાતી દરમિયાન નહિ સમજે, પણ તારું શરીર નહિ હોય ત્યારે એની કિંમત સમજાશે. આખા હિંદુસ્તાનમાં ક્યાંય પણ એકતાન થવાની સરળતા પ્રગટે એવું જોયું નથી.

તમે તો મને ગણ્યો છે, એવું સમજું છું. તમે મને મદદ કરી છે. હું બોલી શકતો નથી. તમારા બધાંના દિલમાં આ ભાવનાનું બીજ રોપાશે. હું કંઈ છોડવાનો નથી. મારું શરીર પડી જશે, પણ એ કંઈ જીવનનો અંત નથી.

હું ફરીથી જન્મ લેવાનો છું અને તે સ્ત્રીનો લેવાનો છું એમ પણ કહું છું. એટલે તમારી સાથેનો મારો સંબંધ જે મેં કાયમ રાખ્યો છે એનાથી તમે મારી પાસે આવવાના છો, આવવાના છો અને આવવાના છો. એની મને આજે, અત્યારે પણ એટલી જ ખાતરી છે, પણ એ ખાતરી પેલા કાળની વાત છે.

મૌન એકાંત મંદિરમાં આપણે ચેતનનો સાક્ષાત્કાર પામીએ એ પ્રમાણે વિચારીને બેસીએ તો ખરા, પણ એ પ્રમાણેનું આપણું વર્તન ન હોય તો કશું વળે નહિ. દરેક માણસે પોતે શાંત રહી શકે એ માટે જાગૃતિપૂર્વક, પ્રામાણિક, વફાદાર અને જીવતોજાગતો એકધારો પ્રયત્ન કરવો જોઈએ. એમ થાય તો જ આપમેળે આગળ વધાય. આ પગલું નાનું ભલે ગણીએ, છતાં પણ બહુ મોટું પગલું છે. એકધારી શાંતિ અને પ્રસન્નતા પ્રગટે એટલું જ ધ્યેય રાખીએ.

•

## ‘હરિઃૐ ગુંજન’ને ભેટ

| | | |
|---|---|---|
| (૧) | ઠાકોરભાઈ વશી (વડોદરા) | રૂ. ૨૫,૦૦૦/- |
| (૨) | પ્રવિણચંદ્ર ચીમનલાલ શાહ (મુંબઈ) | રૂ. ૧૫,૦૦૦/- |
| (૩) | હેમંતભાઈ જે. વ્યાસ (વડોદરા) | રૂ. ૧૧,૦૦૦/- |
| (૪) | નીરૂબેન આર. અમીન (વડોદરા | રૂ. ૧૦,૦૦૦/- |
| (૫) | નિમાબહેન મનિષભાઈ અમીન (અમદાવાદ) | રૂ. ૫,૦૦૦/- |
| (૬) | હર્ષદકુમાર પ્રભુલાલ શાહ (વિદ્યાનગર) | રૂ. ૫,૦૦૦/- |
| (૭) | જ્યોતિબેન ફેમિલી વીથ ટ્રસ્ટ (નડિયાદ) | રૂ. ૫,૦૦૦/- |
| (૮) | મૃદુલાબેન એમ. મુખી (અમદાવાદ) | રૂ. ૫૦૦/- |
| (૯) | ગોવિંદભાઈ હરિભાઈ ગોંડલીયા (અમરેલી) | રૂ. ૧૦૦/- |
| (૧૦) | જયેન્દ્રભાઈ વ્રજલાલ આચાર્ય (અમરેલી) | રૂ. ૧૦૦/- |

**ઉપરોક્ત સર્વે સ્વજનોના અમે આભારી છીએ.**

હવે આ દીક્ષા દિવસની વાત કરું. દીક્ષા એટલે એક બાજુ જતા હોઈએ તેનાથી બીજી બાજુ વહેણ વાળવું. જેમ આ નહેરો ખોદે છે અને નદીનું એક બાજુ વહેણ ચાલ્યા જતું હોય ત્યારે એ પાણીને બીજી દિશામાં લઈ જઈને ઉપયોગ કરવો. એનું નામ દીક્ષા.

ત્યારે હું સાવ બુડથલ હતો. મને કંઈ ગતાગમ ન હતી. પણ ગુરુમહારાજે કૃપા કરી. અંદર વહેણ છુપાયેલું હશે એની એમને ખાતરી. આ માર્ગમાં પાત્રતા બહુ જરૂરની છે. ભૂમિકા પણ જરૂરની. એણે અંદરનો ભંડાર જોયો હશે. મને આમાંથી આમાં વાળવાને પ્રયત્ન કર્યો. દીક્ષા આપી. વસંતપંચમીનો દિવસ હતો. (તા. ૨૨-૧-૧૯૨૩, સોમવાર) Significant અને પ્રતીકરૂપ આ દિવસ છે. વસંત ઋતુમાં કુદરત નવો સ્વાંગ સજે છે. આંબાને પણ મોર આવે. એ દૃશ્ય નિહાળવું એ તો જેની આંખ કેળવાયેલી હોય તે એનું સૌંદર્ય, એની શોભા સમજે. આજે તો પર્વતોમાં જાય તો કહે, 'મારા હાળા આ પથરામાં શું જોવું છે ?' એમ કહેનારા મેં જાતોજાત સાંભળ્યા છે. પણ એના સૌંદર્યને પારખવાને માટે આંખ કેળવાયેલી જોઈએ, હૃદય કેળવાયેલું જોઈએ. બાકીનાને એની ગતાગમ ન પડે.

હું પણ સમજ્યો ન હતો, પણ આજે ઘણાં વર્ષોથી આ સમજણ મને પડી. એમ સમજ્યો કે બરોબર આ symbolic action છે. આ પ્રતીકાત્મક હતું.

પહેલાં તો ગુરુમહારાજ કહે, 'તારી માની રજા લઈ આવ.' મારી બા પાસે ગયો. કહ્યું, 'બા, એક ગુરુ આવ્યા છે.' મારી બા જાણતી હતી. કારણ કે પહેલવહેલા મારે ઘેર જ લઈ ગયેલો. એ તો નાચે, કૂદે અને ધમાધમ કરે. 'મારા હાળા વાંદરાને કંઈથી લાવ્યો ?' એમ મારી બા કહે. મે કહ્યું, 'બા, હવે તું બોલીશ કરીશ નહિ. પણ એમણે મને કહ્યું છે કે દીક્ષા લેવાની છે.' 'શું કરવાનું ?' 'બા, મનેય કશી ખબર નથી.' 'તો મારા રડ્યા, ખબર વિના આપણે બધું કરવું ? પૂછ અને.' મેં તો પૂછ્યું, 'બાપજી, મારી બા કહે છે મારા બેટા, મારા રડ્યા ! ખબર વિનાનું તું બધું કરે તે સારું નહિ. પૂછ એમને.' એથી એમણે કહ્યું, 'આ દીક્ષા આપું પછી તારે ભગવાનને રસ્તે જવાનું.' આ રસ્તાની કશી ઝાઝી બહુ ગતાગમ મને નહિ. તે પછી મેં તો મારી બાને કહ્યું, કહે, 'ચૂનિયા, ભગવાનને રસ્તે જવાની વાત તો સારી છે. પણ આ તને સાધુ બનાવી દેશે તો ?' મેં કહ્યું, 'બા, બની જઈશ.' હોવે... મારા રડ્યા તને અક્કલ નથીને. આ બધું કોણ ચલાવશે ? તારે નાના ભાઈઓ છે.' તો કહ્યું, 'એ હું ના જાણું.' તને તારા ગુરુમહારાજ જે કહે તે તારે કરવાનું. તારે ભગવાનને રસ્તે જવાનું છે. એમાં શું વાંધો ? કશો વાંધો નથી.' મારી બાએ કહ્યું.

મને તો દીક્ષા આપી. એ તો જે કંઈ કરતા હતા તે કર્યું. પહેલે દિવસે કહે, 'તું ધ્યાન ધર.' મેં કહ્યું, 'શેનું ધ્યાન ધરવાનું ? તમે કરો તો જોઈ લઉં.' તો કહે, ધ્યાનની કશી ખબર નથી ?' મેં કહ્યું, 'ના, મને કશી ખબર નથી.' તો કહે, 'ધ્યાનનો અર્થ સમજે છે ?' મેં કહ્યું, 'એકીટશે એકાગ્રતાથી એક જ વિચાર આવે તે ધ્યાન કહેવાય. એવું આશરે આશરે કહું છું.' તેઓ કહે, 'તો તું એમ જ કર.' 'પણ એ તો થતું નથી. આ મનમાં તો હજારો સંકલ્પ વિકલ્પ આવે છે.'

પછી તો એમણે એક આટલો મોટો આઠનવ ઈંચનો લોઢાનો ખીલો કાઢ્યો. એનો પાછલો દટ્ટો હોય તે જોરથી બે ભ્રમરની વચ્ચે માર્યો. મને ખબર નહિ કે આ ખીલો મને મારવાને કાઢ્યો હતો, નહિતર તો નાસી જાત. તે દયા કરીને નહિ, ધીમે રહીને નહિ, જોરથી મારેલો. તમ્મર આવી ગયા. આ શરીર

બેભાન થઈ ગયું. ત્રણ દિવસે શરીર જાગેલું. એટલી મને ખબર છે. પણ, ત્યારે મને ખબર નહિ. જ્યારે ધીરે ધીરે ભાન આવવા લાગ્યું ત્યારે મારા ગુરુમહારાજને હું પગે લાગ્યો હતો. એટલી મને ખબર છે. (વાણી-૧૨, ૯-૧૨)

જ્યારે ભાન આવ્યું ત્યારે મેં જોયું કે તે મને પગે મસાજ કરતા હતા. એમણે મને પૂછ્યું, 'અલ્યા, છોકરા, હવે વિચાર આવતા હતા ?' મેં કહ્યું, 'ના.' વિચાર-બિચાર કશું નહિ. તમે મને ખીલો ઠોક્યો અને વિચાર ઊડી ગયા. બિલકુલ વિચાર જ નહિ.' પછી પૂછ્યું કે 'તારી સ્થિતિ શી હતી ?' મેં ફરીથી કહ્યું કે 'વિચાર જ નહિ.' ત્યારે એમણે પૂછ્યું કે 'આવું કેટલો સમય રહ્યું ?' મેં કહ્યું, 'રહ્યું હશે પંદર વીસ મિનિટ.' એમણે ડોકું હલાવ્યું. મેં પૂછ્યું, 'અડધો કલાક-બે કલાક ?' તોય ના કહી. અને પછી એ બોલ્યા, 'ત્રણ દિવસ થઈ ગયા.' આ સાંભળી હું એકદમ ચોંકી ગયો. અને મને આઘાત પણ લાગેલો. મારાથી બોલાઈ ગયું, 'આ મેં ભયંકર ભૂલ કરી.' આ મારા માટેનો મોટામાં મોટો અનુભવ હતો. તેમ છતાં આવું બોલાયું. મેં ઠક્કરબાપાને લખી દીધું કે 'હું ત્રણ દિવસ બેભાન અવસ્થામાં હતો તેથી કામ પર જઈ શક્યો નથી તો માફ કરશો.' (વાણી-૧, ૩૦-૩૧)

ગુરુમહારાજે એ પછી મને કહ્યું કે 'તારે સંસારમાં રહીને કામ કરવાનું છે પણ સંસાર માટે નહિ.' મેં પૂછ્યું, 'એ કેવી રીતે બને ?' ત્યારે એમણે કહ્યું કે 'સંસારને તારા મનમાંથી જ કાઢી નાખ.' મેં કહ્યું, 'તમે કહો છો તેથી એક ઝાટકે મનમાંથી નીકળી જાય એવું બને નહિ.' ત્યારે એ બોલ્યા, 'ભઈ, તું ભાવના કેળવ.' મેં પૂછ્યું કે 'શું ભાવના કેળવું ?' ત્યારે એમણે સમજાવ્યું કે 'જે તે બધું પ્રભુપ્રીત્યર્થે કરવાનું. જ્યાં ત્યાં ભગવાન જ વસેલો છે. અલ્યા, આપણામાં પણ આપણો સંચો ભગવાનની શક્તિને લીધે ચાલે છે. સંસાર પણ ભગવાનની શક્તિને લીધે ચાલે છે. હવે તારે આખી જિંદગી ભગવાનને માટે જીવવાનું છે.' (વાણી-૧, ૧૪)

આ વાત મારે ગળે ઊતરી ગઈ અને બહુ ગમી ગઈ અને એ પ્રમાણે હું ભાવના કેળવીશ એમ નિશ્ચય કર્યો.

દીક્ષાના આ પ્રસંગની અસર મારા જીવન પર એટલી બધી તો ઊંડી પડેલી છે, કે તે અસરથી જે ભાવના પ્રગટ્યા કરેલી, તે ભાવનાએ મને સાધનામાં ભાંગી પડતાં પડતાં હંમેશાં ઉગારેલો છે. તેઓશ્રી મારે ત્યાં નડિયાદ પધાર્યા તે તેમની અપાર કરુણાનું પ્રત્યક્ષ જીવતુંજાગતું દૃષ્ટાંત છે. આવી તેમની સહજ કરુણાનો અદ્‌ભુત પ્રતાપ કદી પણ હું વીસરી શક્યો નથી.

કદી પણ મેં તેમની છબી પાસે રાખી નથી, અને રાખવાનું દિલ થયું હોત તો પણ તેટલી રકમ ત્યારે મારી પાસે ન હતી. જોકે પ્રભુકૃપાથી મારા સદ્‌ગુરુ મહારાજની મારા દિલમાંની ભાવનાથી પ્રેરાઈને તેમનું સાકાર સ્વરૂપ પ્રગટાવવાનું હંમેશા બન્યાં કરેલું છે, અને અંતરમાં તેવી રીતે તેમને જગાડવાનું અને જગાડીને તેઓશ્રીને પ્રત્યક્ષ કરીને તેમની કૃપામદદ માગવાનું અને પ્રેરણા પામવાનું કરી શકાયું છે. શ્રીસદ્‌ગુરુનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું અવલંબન અને તેમાંથી મળતાં ભાવ અને શક્તિ તે વળી કોઈ જુદાં જ પ્રદેશની હકીકત છે. તે મોટું મકાન, તે એકાંત જગા અને તે રામ તલાવડી આજે પણ હયાત છે. મારા જીવનવિકાસનું તે એક પવિત્ર તીર્થસ્થળ છે, પરતું વારંવાર તે સ્થૂળ તીર્થસ્થાનમાં જઈને પાવન થવાનું પણ મેં કરેલું નથી. તેમ છતાં તે તીર્થસ્થળની ભાવનાની અસરને હું કદી ભૂલી શક્યો નથી. સ્થૂળ ભાવના કરતાં સૂક્ષ્મની ભાવનામાં પ્રભુકૃપાથી પરોવાઈ રહેવાનું અને તેમાંથી ચેતન મેળવવાનું જ્ઞાનભાન સાધનાની શરૂઆતથી જ તેઓશ્રીની કૃપાથી મેળવી શકાયું હતું. (દર્શન ૨૨૧-૨૨૨)

*('ભગતમાં ભગવાન', આ.-૧, પૃ. ૬૨-૬૫)*

'In our age, the road to holiness necessarily Passes through the world of action'.

(Dag Hammarks Jold-Markings)

**'જીવનગીતા'**ની પ્રસ્તાવના લખવાની મેં હિંમત કરી છે એનું કારણ, નહિ કે મારી લાયકાત, પણ પૂજ્ય શ્રીમોટાનો અનુલંઘનીય આદેશ : **आज्ञा गुरुणां ह्यविचारनीया ।** આમાં પૂજ્ય શ્રીમોટાનો મારા પ્રત્યે અનુરાગ જ કારણભૂત છે. મારી મર્યાદાનું પૂરતું ભાન હોવાથી : **प्रांशुलभ्ये फले लोभादु-द्वाहुरिव वामनः** જેવી મારી દશા છે.

મુરબ્બી શ્રીભાઈ સાહેબે (સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ) એમની પૂજ્ય શ્રીમોટાના **'પ્રણામપ્રલાપ'**ની પ્રસ્તાવનામાં શ્રીમોટાને ગાંધીપ્રવૃત્તિએ ગુજરાતને આપેલા શુદ્ધ કંચનની કણકે બંધાયેલા અને સાચા સુવર્ણ ઘડતરે ઘડાયેલા પુરુષ તરીકે ઓળખાવેલા, પણ સાથે સાથે શંકા દર્શાવી હતી કે સમાજસેવક કે ભક્ત તરીકે પૂજ્ય શ્રીમોટાને ગુજરાતી દુનિયા ઓળખતી હશે કે કેમ ? સદ્‌ભાગ્યે આજે પરિસ્થિતિ સાવ નિરાળી છે. ભાગ્યે જ કોઈ ગુજરાતી હશે કે જે પૂજ્ય શ્રીમોટાથી પ્રત્યક્ષ રીતે પરિચિત નહિ હોય. એક સંત અને પ્રખર વિચારક તરીકે એમનું નામ ભારતમાં સુજ્ઞાત છે. એમનો ત્યાગ તો અદ્‌ભુત જ કહી શકાય. અભ્યાસકાળમાં ગાંધીજીની ટહેલને શિરોવંદ્ય ગણી મુંબઈ યુનિવર્સિટી કે ગુજરાત વિદ્યાપીઠની ડિગ્રીનો મોહ ન રાખ્યો. જીવનમાં પણ સાવ જ સાદાઈ અપનાવી બધી જ એષણાઓનો ત્યાગ કર્યો છે. **आचार्याणां त्याग एव तात्पर्यम्** એ રીતે જોતાં વૈષ્ણવી અર્થમાં એ સાચા આચાર્ય છે. એમનું જીવન દેહલીદીપવત્ જેવું રહ્યું છે. સ્વયં પ્રકાશ પાડીને કેવળ એમાં જ તુષ્ટ ન થતાં સમાજને એમણે પોતાની જાત સમર્પી દીધી છે. એમના જ શબ્દોમાં 'સેવાયજ્ઞ કર્યા કર્યો છે'. (અધ્યાય ૩, ૩૩) જીવનમાં અનાસક્તિ પચાવીને જ એમણે ગાયું છે :

**'પારકાના ભલા સારું ઉઠાવેલો બધો શ્રમ,**
**રહે તેમાં પ્રભુભાવ હૈયે, તો કર્મયજ્ઞ તે'.**

*(અધ્યાય ૩, પૃ. ૫૭, શ્લોક-૩૩)*

'જીવનગીતા' બહુ જ રસપ્રદ સંજોગોમાં લખાઈ હતી. નવસારી, હરિજન આશ્રમના વિદ્યાર્થીઓ પૂજ્ય શ્રીમોટાને ભગવદ્‌ગીતા વિશે લખવા ખૂબ જ આગ્રહ કરી રહ્યા હતા અને તેમની ઈચ્છા પૂરી પાડવા એમણે વીસાપુર જેલમાં સત્યાગ્રહી કેદી તરીકે પોતાનું નિયત કામ કરતાં કરતાં **'જીવનગીતા'** લખી. પ્રાથમિક અધ્યાય 'સંગ્રામનો હેતુ' ૧૯૬૭ના મે મહિનામાં એમના ડાંગ જિલ્લાના વસવાટ દરમિયાન લખાયો. આમ, ૩૬ વર્ષ પૂર્વે લખાયેલી 'જીવનગીતા' આજે પુસ્તકાકારે બીજી વાર પ્રસિદ્ધિ પામી રહી છે. આ કંઈ ગીતાનો સમશ્લોકી અનુવાદ નથી. પૂજ્ય શ્રીમોટાએ જે રીતે ગીતા જોઈ છે, સમજી છે અને જીવન રંગી નાખ્યું છે, તેને શબ્દદેહ આપ્યો છે.

**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।**
**पार्थो वत्सः सुधिर्भोक्ता दुग्धं गातीमृतं महत् ॥**

ગોપાલનંદને ઉપનિષદો દોહીને આપેલું ગીતામૃત એટલું તો સ-રસ છે કે એને પચાવવાને પૂજ્ય શ્રીમોટા જેવા ગીતાને આપણે માટે સુપાચ્ય બનાવે એ જરૂરી બને છે. મૂળ ગીતા વાંચતાં અસંખ્ય પ્રશ્નો ઊઠે એ સ્વાભાવિક છે અને એના નિરાકરણ વિશે સંતપુરુષો અને તત્ત્વવિદોમાં પણ મૂળભૂત ભેદ પ્રવર્તેલા હોય છે. કેટલાક પ્રશ્નો તો અણઊકેલ્યા પણ રહે.

એમના પ્રાથમિક અધ્યાયમાં જ - સંગ્રામનો હેતુ- પૂજ્ય શ્રીમોટાએ બહુ જ મહત્ત્વના પ્રશ્નને છેડ્યો છે. કુરુક્ષેત્રનું મહત્ત્વ ધાર્મિક અને તાત્ત્વજ્ઞાનિક-તો જાણીતું છે જ. કવિવર્ય નાનાલાલે એમની અનોખી શૈલીમાં ઈશારો પણ કર્યો છે :

**કુરુક્ષેત્રના આદિમાં છે ગીતાશાસ્ત્ર,**
**કુરુક્ષેત્રના અંતમાં છે શાંતિપર્વ.**

પણ પુસ્તકના પહેલા જ ચરણમાં પૂજ્ય શ્રીમોટા કહે છે તેમ 'ઉદ્‌ભવી શેં શકે જ્ઞાન સંગ્રામક્ષેત્ર ઉપરે ?' આવું અમૃત જેવું જ્ઞાન વહેવડાવવાનું સ્થળ **प्रासप्रोततप्रवीरोलवणरुधिरपरामृष्टवुक्क**થી ભરપૂર એવું યુદ્ધક્ષેત્ર જ કેમ ? આવા અસ્ફુટ પ્રશ્નને સ્પષ્ટ રીતે માંડીને એનું નિરાકરણ જે રીતે પૂજ્ય શ્રીમોટાએ લંબાણપૂર્વક,

લગભગ ૮૯ શ્લોકોમાં કર્યું છે, તેવું ભાગ્યે જ બીજા કોઈ ચિંતકે કર્યું હશે. Essays on the Gita (Vol. I)ના પાંચમા તથા છઠ્ઠા પ્રકરણમાં મહર્ષિ શ્રી અરવિંદે આડકતરો ઉલ્લેખ જરૂર કર્યો છે :

'War, said Heraclitus, is the Father of all things.... From a clash of material or other forces everything in the world, if not the world itself, seems to be born, by a struggle of forces, tendencies, principles, beings it seems to proceed, ever creating new thing. ever destroying the old... This is certain that there is not only no construction here without destruction, on harmony except by a poise of contending forces won out of many actual and potential discords, but also no continued existence of life except by a constant self-feeding and devouring of other life.' (p. 55, 56 Fifth Ed.) 'Then, as to human life in its actualities, we have to accept its aspect of a struggle and a battle mounting into supreme crisis such as that of KuruKshetra. THe Gita, as we have seen, takes for its frame such a period of transition and crisis as humanity periodically experiences in its history in which great forces clash together for a huge destruction and reconstruction, intellecutual, social moral, religious, political and these in the actual and social stage of human evolution culminate usually through a violent physical convulsion of strife, war or revolution'. (P. 66, 67, ibid) પરંતુ વ્યક્તિના જીવનમાં સંગ્રામની આવશ્યકતા વિશે 'જીવનગીતા'માં જેટલી સ્પષ્ટતા છે તેટલી ભાગ્યે જ બીજે જોવા મળે છે. ગુણ અને ભવનાના વિકાસ ઉપર પૂજ્ય શ્રીમોટાનો ભાર તો જાણીતો જ છે :

**'યોગ્ય સૌ ગુણ ને શક્તિ થવા વિકાસ જીવને,**
**ખીલે સંગ્રામથી, તેથી સંગ્રામ અનિવાર્ય છે'.**

*(પૃ. ૪, શ્લોક ૩૬)*

સંગ્રામ જીતવા 'તમન્ના'ની તો મૂળભૂત જરૂરિયાત છે. તે જ પ્રમાણે આધ્યાત્મિક જીવનમાં પણ ઉત્કટ તમન્ના-જેને પૂજ્ય શ્રીમોટા હંમેશાં volcanic aspiration કહેતા આવ્યા છે - વિના કશુંય સંભવિત નથી. **'જ્વાળામુખી સમી જેની જિજ્ઞાસા થાય ઉત્કટ'** (અધ્યાય-૬, પૃ-૧૨૭, શ્લોક-૫૩) **तीव्रसंवेगानामासन्नः ।** (પાતંજલિ, યોગસૂત્ર) ટૂંકમાં,

**'સંગ્રામભૂમિકા જાગ્યા વિના જ્ઞાન ન સંભવે'.** (પૃ. ૮, શ્લોક-૭૮) આ તબક્કે એક રસપ્રદ પ્રશ્ન ઉપસ્થિત થાય છે :- ગીતામાં હિંસાનું પ્રતિપાદન કર્યું છે કે અહિંસાનું ? દસમા અને સોળમા અધ્યાયમાં અહિંસા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે :

**अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।** (ભગવદ્‌ગીતા ૧૦, ૫) અને **अहिंसासत्यमक्रोध-स्त्यागः शान्तिरपैशुनम्** (ભગવદ્‌ગીતા ૧૬, ૨) અહિંસા એટલે કે સામાન્ય અર્થમાં નહિ પણ એના વિસ્તૃત અર્થમાં **अहिंसा सर्वथा सर्वदा भूतानामनभिद्रोहः** (પાતંજલિ) તો પછી હિંસાની વકીલાત કેમ ? આનો ભેદ સમજવા આપણે યાદ રાખવું પડશે કે –

**तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।** (ભગવદ્‌ગીતા ૩. ૧૯) અને **तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।** (ભગવદ્‌ગીતા ૧૬, ૨૪)

આખો ઝોક અનાસક્ત ભાવ ઉપર છે, બાહ્યિક કર્મ ગમે તે હોય. God cares more for the adverb than for the verb. આ અનુસંધાનમાં શ્રીકૃષ્ણપ્રેમના વિચારો ટાંકવા અસ્થાને નહિ ગણાય. 'Yes, I certainly think Kurukshetra was historical as well as adhyatmic (all the acts of a Mahapurusha have the two-fold quality and, for that matter, so have the acts of all men in a more limited degree-limited because of their inner disharmony)...I certainly hold that the instructions to Arjuna have their outer as well as inner application. Does Krishna then support violence on occasions? Undoubtedly and on many occasions... Violence is a part of the manifestation but perhaps it would be correct to say that it is the last resort

and always has to be paid for. its results are not permanent (because not harmonious). Notice that Krishna makes no attempt to deny Arjuna's gloomy prognostications about the evil results of the war and that in fact they did take place, though of course they were not the only results. Moreover, even if on Kurukshetra's field Krishna was weaponless, on other occasions he was by no means so'. ('Yogi Shri Krishnaprem' by Dilipkumar Roy, p. 185) પણ શંકરાચાર્ય ના મતે (**तस्माद् युद्धस्वेति अनुवादमात्रम्, न विधिः । न ह्यत्र युद्धकर्तव्यता विधीयते ।**)

વળી, એ યાદ રાખવું જરૂરી છે કે હિંસા અનિવાર્ય બને ત્યારે પણ મનમાં હિંસા નથી રાખવાની, પણ ફક્ત નિમિત્ત તરીકે જ આચરવાની છે. આમ થાય ત્યારે જ દોષ ન સંભવે :

**यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।**
**हत्वापि स इमाँल्लोकान् न हन्ति न निबध्यते ॥**

*(ભગવદ્‌ગીતા ૧૮, ૧૭)*

એમની સાથે નિકટના પરિચયમાં આવનાર જાણે છે કે પૂજ્ય શ્રીમોટાના મતે, એમના જ શબ્દોમાં, 'ગીતા is not merely a Book of Authority but a Book of experience. ગીતા ફક્ત વાંચવાની કે રટવાની નથી પણ જીવવાની છે'. 'The Gita is based on direct Knowledge of Reality, and of the path that leads to that Reality'. (Shri Krishnaprem-The Yoga of the Bhagavat Gita.) આધ્યાત્મિક માર્ગના આદિથી અંતનું એમાં નિરૂપણ છે અને એથી જ અધ્યાયોનો ક્રમ મહત્ત્વપૂર્ણ છે. ધ્યેય ઉપર પહોંચવાનો માર્ગ વિકટ છે એટલું જ નહિ પણ ક્રમાનુસાર જ કાપવાનો છે. ગીતાના અંતમાં આવતો ઉપદેશ **सर्वधर्मान्यपरित्यज्य मामेकं शरणं व्रज,** બીજા સોપાનો ચઢ્યાં વગર અપનાવવો અશક્ય છે. સામાન્યતઃ પહેલા અધ્યાયનું અર્જુનવિષાદયોગનું -ખાસ મહત્ત્વ સ્વીકારાતું નથી, કારણ એમાં કાંઈ તત્વજ્ઞાન સ્પષ્ટતાથી નિર્દેશાયું નથી, પણ વિષાદયોગનું ખૂબ જ મહત્ત્વ છે.

'Arjuna typifies the representative human soul seeking to reach perfection and peace, but in the opening section we find that his mind is clouded, his convictions unsettled, his whole conciousness confused. Life's anxieties touch him with a gnawing distress. For every individual there comes an hour sometime or other, for nature is not in a hurry, when everything that he can do for himself fails, when he sinks into the fulf of utter blackness, an hour when he would give all that he has for one gleam of light, for one sign of the Divine. When he is assisled by doubt, denial, hatred of life and black despair, he can escape from them only if God lays his hand on him. If the divine truth which is free of access to all mankind, is attained only by a few, it sholws that only a few are willing to pay the price for it. The sense of insufficiency, of barrenness and dust, is due to the working of the Prefection, the mystery that lurks at the heart of creation. The invisible impulse to seek God produces the agony that inspires heroic idealism and human fulfilment. The image of God in us expresses itself in the infinit capicity for self-transcendence'.

*('The Bhagavadgita' by Radhakrishna. P. 51)*

પૂજ્ય શ્રીમોટાએ વારંવાર એમના પુસ્તકોમાં પ્રતિપાદિત કર્યું છે કે આધ્યાત્મિક સંગ્રામમાં કુ-વૃત્તિથી બચવાનું નથી, પણ આપણા જીવનમાં તાણાવાણા માફક વણાઈ ગયેલા કેટલાય કહેવાતા સારા ખ્યાલોની, રિવાજોની, ટેવોની પણ આહુતિ આપવી પડશે. કેવળ દુર્યોધન અને દુઃશાસન જ નહિ, પણ ભીષ્મ્ અને દ્રોણને પણ હણવા પડશે. During the long ages of slumber the Soul has contracted all sorts of relationships and has submitted to the guidance of various ideals and traditions, and only now it is reealised that all these relationships must

be destroyed and all these ideals, ideals that have oftern seemed the very goal of life, must be ruthlessly sacrificed on the battle field..Arrayed against him, he (Arjuna) find the army of his desires. Not merely those desires that are conventionally considered 'evil', but many other too, the desire for 'harmless' enjoyment, the desire to shine in society surrounded by friends and the desire to lead a secure life... The call of the blood, the prestige of habit and established custom the ideologies which had sufficed in the past are all arrayed against him and perhaps the most bitter fact of all is the knowledge that the glittering ideals of patriotism. of Family affection and of devotion to his religion have also 'eaten the food of the Kauravas' and, though they served as guides and teachers in the past, are, like Bhishma and Drona, in arms against the Soul and must be slain.... Therefore, it is that, before the bright path of the Sun can be trodden, the aspirant must enter the valley of gloom, must close his eyes and ears to the light and laughter of life and must realise in sorrow that all that he is and all that he is nothing, before he can see and know in joy that within his heart is the All...(Shri Krishnaprem : The Yoga of the Bhagawat Gita). આ વિચાર પૂજ્ય શ્રીમોટાએ બહુ જ સુંદર રીતે પહેલા અધ્યાયના છેલ્લા ચરણમાં મૂક્યો છે :-

**નાખે વલોવી હૈયાને એવો ઊંડો વિષાદ જ્યાં,**
**સંપૂર્ણ પ્રગટ્યા વિના, ભૂમિકા પાકી થાય ના.**

*(અધ્યાય ૧, પૃ. ૧૭, શ્લોક ૫૪)*

આ પુસ્તકનું બીજું આકર્ષણ એ છે કે શ્લોકોને ગુચ્છકોમાં ગોઠવી દરેકનું તાત્પર્ય ટૂંકમાં ગુચ્છકની શરૂઆતમાં સમજાવવામાં આવ્યું છે. પૂજ્ય શ્રીમોટા પ્રખર વિચારક અને શાસ્ત્રોપનિષદોથી સુપરિચિત હોવા છતાં *'જીવનગીતા'ની ભાષા એટલી સરળ અને સ્પષ્ટ છે કે સામાન્ય માનવી પણ ગીતાનું રહસ્ય સહેલાઈથી સમજી શકે. ગુજરાતી ભાષાના જ આગવા એવા પ્રયોગથી ગીતા જેવા પુસ્તકના ભાવ સમજાવવામાં પૂજ્ય શ્રીમોટાએ ગજબ સિદ્ધિ બતાવી છે.

ઉદાહરણાર્થે :

**પ્રાપ્ત જે કર્મ છે તેને આચરવું તુજ ધર્મ છે,**
**હાર કે જીત કે લાભાલાભ ના તુજ હાથ છે.**
**ઉપાડે ભાર કાં એનો ગાડાના શ્વાન જેમ તું ?**
**અથડાઈ મરે ખાલી ઘાણીના બેલ જેમ તું.**

*(અધ્યાય ૨, પૃ. ૩૫, ૩૬, શ્લોક ૧૪૧, ૧૪૮)*

**સંન્યાસી જો થવા જાય, બાવાનાં બગડેય બે,**
**ઘાટનો, ઘરનો ના રહે, કઢંગી સ્થિતિ પામશે.**

*(અધ્યાય ૫, પૃ. ૧૧૩, શ્લોક ૩૯)*

**મને તો વાંદરા જેવું, દબાવાયે જ વાયુ જો,**
**સંયમે તે રહે, કિંતુ આ તે શેં વશ થાય ? ક્હો.**

*(અધ્યાય ૬, પૃ. ૧૩૧, શ્લોક ૮૪)*

**कर्मेन्द्रियाणि संयभ्यय य आस्ते मनसा स्मरन्**નું પણ સરસ ચિત્ર છે :

**અનેક જાતના ઘોડા ઘડે કેં માનવી મને,**
**બેઠાડુ, આળસુ જેવા, મિથ્યાચારી જ મૂર્ખ તે.**

*(અધ્યાય ૩, પૃ. ૫૪, શ્લોક ૫)*

ભગવદ્‌ગીતાના આઠમાં અધ્યાયમાં શરીર છોડવાના નિરૂપેલા કાળ-ઉત્તરાયણ અને દક્ષિણાયન-ના રૂપક વિશે પણ મતાંતર પ્રવર્તતે છે. 'There are two Paths, two ever asting Paths, by one or other , Must all souls go forth. By the one he goeth who returneth not, by the other he who again returneth. There are the 'way Above' and 'the Way of Death' of Hermes. Trismegistus, probably also the Two Paths, one through the sky and one beneath the earth, mentioned by Plato in his vision of Er. These Paths, the Path

---

* પૂજ્ય શ્રીમોટા ભગવદ્‌ગીતાને બાદ કરતાં શાસ્ત્રોપનિષદોથી મુદલે પરિચિત નથી-અનુભવથી હોય તે જુદી વાત. — સંપાદક

of light and the Path of Darkness, have been veiled in sysmbolism throught out the ages. This particular symbolism is far older than the Gita, and these so-called 'times' are no times at all. It does not matter when a man die, if he has knowledge he will tread the Upward Path, if not, the Path of Gloom to birth and death.'

*('The Yoga of the Bhagawat Gita' by Krishnaprem, p. 76)*

મહર્ષિ શ્રીઅરવિંદનો મત જુદો છે. આમાં કંઈક તત્ત્વ રહેલું છે એમ સ્પષ્ટ માને છે. 'Yogic experience shows in fact that there is a real psycho-physical truth, not indeed absolute in its application, behind this idea, viz.., that in the inner struggle between the powers of the Light and the powers of the Darkness, the former tend to have a natural prevalence in the bright periods of the day or the Year, the latter in the dark periods, and this balance may last until the fundamental victory is won'.

*(Essays on the Gita, 2nd vol. IIP. 49)*

પૂજ્ય શ્રીમોટાએ આ બે માર્ગોનો ભેદ બહુ જ સરસ રીતે દોર્યો છે :

**ઉત્તર અયનમાં શુક્લ તિથિ નિષ્કામ કર્મતણી ગતિ,**
**દક્ષિણ અયનમાં કૃષ્ણ તિથિને જાણ સ્વાર્થતણી ગતિ,**
**છે મુક્તિ ભક્તિમાર્ગમાં ને સ્વાર્થપથમાં બંધન,**
**અજ્ઞાનપથ, તે સ્વાર્થપથ, ને જ્ઞાનપથ, ભક્તિપથ.**

*(અધ્યાય ૮, પૃ. ૧૫૯, શ્લોક ૯૭, ૯૮)*

ગીતામાં ઈશ્વરપ્રાપ્તિના વિધવિધ ઉપાયો બતાવાયા છે. પૂજ્ય શ્રીમોટા પ્રેમભક્તિને આ જમાના માટે વધારે સાનુકૂળ ગણતા લાગે છે. 'અનાસક્તિ વગર કશું ન વળે અને અનાસક્તિ માટે સહેલો ઉપાય ભક્તિ છે. એ સહેલો પણ છે અને જો હૃદયમાં ન વસ્યો તો અઘરો પણ છે. એ તો **'માથા સાટે મોંઘી વસ્તુ'** લેવાની વાત છે'. (અધ્યાય ૯, પૃ.૧૭૫) આમાં તો ભાવપૂર્વકનું સંપૂર્ણ અર્પણ જોઈએ. **न मतं देवदेवस्य नामिभुक्तसमर्पणम् ।**

**સર્વાર્પણ વિના પાર્થ ! ને પ્રેમ સર્વવ્યાપક,**
**કદીયે સંભવે છે ના ભક્તિ મારી અલૌકિક.**

*(અધ્યાય ૧૧, પૃ. ૨૧૭, શ્લોક ૧૦૦)*

વ્યાધ, ધ્રુવ, ગજેન્દ્ર, વિદુર અને કુબ્જા-સંસારના જુદા જુદા સ્તર, યોનિ અને બૌદ્ધિક વિકાસ પામેલા-માત્ર ભક્તિથી જ ભવસાગર તરી ગયા :

**व्यधस्यचरणं ध्रुवस्य च वयो विद्या गजेन्द्रस्यका**
**का जातिर्विदुरस्य यादवपतेरग्रस्य किं पौरुषम् ।**
**कुब्जायाः कमनीयरुपमधिकं किं तत्सुदाम्नो र्धनम्**
**भक्त्या तुष्यति केवलं न तु गुणैः भक्तिप्रियो माधवः ।**

*(ભાગવત ૧૨, ૧-૫)*

'જોકે બંને એક જ ધ્યેયને પામે છે, તેમ છતાં માર્ગ તરીકે નિરાકારની ભક્તિ કરતાં સાકારનો માર્ગ વધુ પસંદ કરવા લાયક છે', કેમ કે તે વધારે સહેલો છે'. (પૃષ્ઠ ૨૨૦)

**નિર્ગુણી છે નિરાકાર, કલ્પનાતીત તેથી તે,**
**જગે જાણ્યેઅજાણ્યે સૌ રૂપ સાકારને ભજે.**

*(અધ્યાય ૧૨, પૃ. ૨૨૦, શ્લોક ૯)*

'ઉન્માદકારી નશા'નો આસ્વાદ લેવા કોઈ એક સાધારણ માર્ગ નથી જ. બધાંને લાગુ પડતું કોઈ એક જ ધોરણ નથી. માટે જ પૂજ્ય શ્રીમોટા કહે છે કે :

**સધાયે ભક્તિ જે માર્ગે તે માર્ગે સાધી લે હૃદે,**
**ગમે તે માર્ગથી પ્રાપ્ત કરી લે તુજ ધ્યેયને.**

*(અધ્યાય ૧૨, પૃ. ૨૨૪, શ્લોક ૩૩)*

ભક્તિ એટલે **परानुरक्तिरीश्वरे, निर्हेतुका ।** 'Bhakti is not merely the 'flight of the alone to the Alone, the Soul's detachment from the world and attachment to God, but is active love for the Divine who enters into the world for redeeming it'. (Radhakrishnan. The Bhagavad Gita, P.62) કેટલીકવાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે ગીતામાં ભક્તિને પ્રાધાન્ય અપાયું છે કે પ્રપત્તિ અથવા શરણાગતિને ? 'While Bhakti requires faith and love, in prapatti we simply surrender ourselves to God, place ourselves in His hands leaving it to Him to deal with us as He elects... The difference between Bhakti and prapatti is

symbolised by the ape way (**मर्कटन्याय**) and the cat way (**मार्जारन्याय**) The young ape clings to the mother is saved. A little effort on the part of the young is called for. The mother cat takes the young in her mouth. the young one does nothing to secure its safety. In bhakti the grace of God is earned to an extent, in prapatti it is freely bestowed. There is no reference in the latter to one's own worthiness or the service performed... The distincation of prapatti and bhakti relates to the issue in Christian thought which is old as St. Augustine and pelagius, whether man as a fallen creeature is to be saved only by the grace of God or whether he can make something of himself and contribute by his own effort to his salvation.

Pelagius believed in free will, questioned the doctrine of original sin and asserted that men acted of their own moral effort.. The Gita is inclined to the pelagian doctrine" (Radhakrishnan, p. 62-63)

છેલ્લા અધ્યાયમાં સ્પષ્ટ જ છે કે :

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**

પણ ભક્તિ અને પ્રપત્તિ વચ્ચે જે ભેદ જોવામાં આવે છે, એનું કારણ ગીતાનો ક્રમ ચૂકી જવાય છે. ભક્તિયોગ ૧૨માં અધ્યાયમાં નિરૂપાયેલો છે અને પ્રપત્તિ તો છેવટે આવે છે. ભક્તિમાંથી જ પ્રપત્તિ ઉદ્ભવે છે એમ લાગે છે.

'The Gita deals with the whole Path from the beginning to the end. from what Bunddhists term 'Entry in the stream' to the goal of Nirvana. It follows that the sequence of the chapters is of great importance and that it is a mistake to do, as some expositors have done and expound the teachings with no reference to the place at which they occur in the general scheme. For instance, stress has often been laid on Gita : 18,66 : 'Abandoning all dharmas, take refuge in Me alone. Fear not, I will liberate thee from all sins,' as though this teaching, which comes at the very end of the Gita, were capable of being practised in the early stages of the Path. All that result from such misplacing is emotional pietism. There is no shortcut to the Goal. The whole course has to be run by each disciple, and though, through having practised in previous lives, the early stages may for some be but a rapid recapitulation, each chapter has to be lived thorough in its proper sequence.'

(Krishnaprem, 'The yoga of the Bhagawat Gita.' P. XV) ટૂંકમાં, ભક્તિ વિના પ્રપત્તિ ન પ્રજળે, પણ સ્વધર્મ છોડી મુખેથી શુકવત્ 'કૃષ્ણ, કૃષ્ણ' રટવામાં જ પ્રપત્તિ આવી નથી જતી.

**स्वधर्मकर्मविमुखाः कृष्णाकृष्णोतिवादिनः ।**
**ते हरेद्वैषिनः मूढाः धर्मार्थं जन्म यद् हरेः ॥**

"Not everyone that call 'Christ' Lord but he that dose the will of the Father, shall enter into the kingdom of Heavan."

આ બધા ધર્મ છોડવાના કહ્યા તે ધર્મનો અર્થ શો ? **'એ જાણ્યા વિણ તું ઊંધું મારશે નક્કી જાણજે.'** (અધ્યાય ૧૮, પૃ. ૨૭૦, શ્લોક ૧૧૦)

The one thing necessary is that we should abandon the supports (dharman) on which we have hitherto based and propped our egos in the attempt to enhance their sense of value and security, the supports of caste and ashrama, of wealth and social position, of learning or of virtue, all those supports in fact, which have enabled us to say : 'I am I, a person not without importance in the world.' All these trumpery pedestals we must abandon and base ourselve on him alone who is the Support of all the worlds. Then to the free Soul freed of its

entanglements with self, freely placing its hand in the hand of the Ever-free Krishna, comes the free gift of love : 'fear not: I will liberate from all sins.' ('The Yoga of the Bhagawat Gita' by Krishnaprema).

'We have to stand naked and guileless before the supreme. Evolution means a stripping of all sheaths, a vastrapaharana.' (Radhakrishnan)

પૂજ્ય શ્રીમોટાએ પણ આને વિશે લંબાણપૂર્વક અને બહુ જ સ્પષ્ટતાથી માર્ગદર્શન આપ્યું છે.

**ટૂંકમાં પ્રાપ્ત તે ધર્મ સર્વ તો પાળવા ઘટે,**
**એનો જો તું કરે ત્યાગ વસમી વાત થાય તે.**

**જે ત્યાગ કરવાનો હું કહું છું તે બીજો જ છે,**
**એ વિશે કંઈ સંદેહ મનમાં રાખ ના હવે.**

**સંકલ્પ ને વિકલ્પ એ મનના ધર્મ જાણજે,**
**એ ધર્મ ત્યાગીને વાળ મારામાં મનને હવે.**

**ઈન્દ્રિયોનો જ છે ધર્મ બહિર્મુખી થવાપણો,**
**અંતર્મુખ રહે, તેવું કર યત્ન કરી ઘણો.**

**જીવ સ્વભાવવાળી જે બુદ્ધિના નિર્ણયો ઘણા,**
**આડફંટે લઈ જાય તેમને ત્યજવા બધા.**

**મનાદિકરણો કેરા સૌ પ્રાકૃતિક ધર્મને,**
**પૂરેપૂરા ત્યજી દૈને શરણે મુજ આવજે.**

*(અધ્યાય ૧૮, પૃ. ૨૭૦, શ્લોક ૧૧૨ અને ૧૨૧થી ૧૨૫)*

ઈશ્વરાર્પણ બુદ્ધિથી જે કર્મયજ્ઞ થાય, તેથી સાચી શ્રદ્ધા થાય. એવી શ્રદ્ધાથી થયેલું સૌ કૈં પવિત્ર જ છે, પણ શ્રદ્ધા વગરનું અને સમર્પણ વગરનું સારામાં સારું કામ પણ ધૂળ છે.' (અધ્યાય ૧૭, પૃ. ૨૨૫, શ્લોક ૨૬ પછીની લીટીઓ.)

**જાણતાં કે અજાણ્યેયે ઈશ્વરાર્પણ બુદ્ધિથી,**
**શિષ્ટાચાર થકી ભિન્ન કદી કાર્ય કરે કંઈ,**
**છતાં એને ન લાગે છે દોષ સ્હેજેયે અર્જુન !**
**સર્વસ્વ કેમ કે અર્પે મને તે તેનું નિત્ય જ.**

*(અધ્યાય ૧૭, પૃ. ૨૫૬, શ્લોક ૨૮-૨૯)*

સત્ય નિર્ણય માટે સામાન્યપણે ત્રણ માપદંડ દર્શાવાય છે. શ્રુતિ, યુક્તિ-તર્ક-અને અનુભૂતિ. ભગવદ્‌ગીતામાં પણ શાસ્ત્રોનું મહત્ત્વ સ્વીકારાયું છે :

**तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।**
**ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥**

*(ભગવદ્‌ગીતા ૧૬, ૨૪)*

સ્વાભાવિક રીતે જ આત્મતત્ત્વ જેમણે નીરખ્યું એ તો અનુભૂતિ ઉપર જ ભાર મૂકે. પૂજ્ય શ્રીમોટા શાસ્ત્ર સમજવા માટે અનુભવી પાસે જ જવાનું કહે છે, નહિ કે શાસ્ત્રપંડિત પાસે.

**તેથી નિર્ણયમાં તારા જે જે કાર્યઅકાર્યના**
**અનુભવીની પાસેથી બધા સિદ્ધાંત નિશ્ચલ,**
**પૂરા તું સમજી લેજે, રૂહેતો ગાફેલ ના કશે,**
**એને અનુસરી તારું શુદ્ધ વર્તન રાખજે...**

*(અધ્યાય ૧૬, પૃ. ૨૫૧, શ્લોક ૩૭-૩૮)*

The teaching of the Gita is yoga and teacher is yogesvara. When the human soul becomes enlightened and united with the Divine, fortune and victory, welfare and morality are assured. We are called upon to unit vision (yoga) and energy (dhanush) and not allow the former to degenrate into madness or the latter into savagery. 'The great centralities of religion,' as Baron Von Hugel loved to call them. the tremendous facts of life divine are yoga, the realisation of God through worship and entire submission to his will and dhanush or active participation in the furtherance of the cosmic plan. Spritual vision and soical service should go together. The double purpose of human life, personal perfection and soical efficiency is indicated here." (Dr. Radhakrishnan : 'The Bhagavadgita')

પૂજ્ય શ્રીમોટાએ પોતાના જીવનમાં ઉપર દર્શાવેલા 'યોગ' અને 'ધનુષ્ય' બંને સાક્ષાત્ કરી બતાવ્યા છે.

**— લલિત ર. દલાલ**

'અંતરંગ', રામકૃષ્ણકુંજ સોસાયટી, પોલિટેક્નિક નજીક, અમદાવાદ-૧૫. તા. ૧૭-૦૬-૧૯૬૮

હાલમાં પ્રવર્તતા જે ધર્મો, સંપ્રદાય વગેરેની સ્થિતિચુસ્તતા (Rigidity) છે, તેવું તે કાળમાં (ગીતા ઉદ્ભવી તે કાળમાં અને તે પહેલાં) ન હતું. ચેતનને અનુભવવાની અને સામાજિક જીવનને નભવા, ટકવા અને વ્યવસ્થિત થવા અને વિકાસ થવા, જે ધર્મની પ્રણાલિકાઓનું હજી તો થયાં કરવાપણાની દશામાં તે તે બધું હતું. કશું જ સજ્જડ ચોકઠાં જેવું ક્યારેય ન હતું. તેમ છતાં તે કાળમાંય एक ब्रह्मની ઉપાસનાનો મુલાયમ ઢાંચો તો રચાવા મંડાયેલો લાગતો હતો. ત્યારે કોઈ આવા હાલના જેવા સજ્જડ વાદ ન હતા. ગીતાના કાળનીયે પહેલાંથી ઉપાસના, ભક્તિ અને જ્ઞાન, કર્મ વગેરેના ક્રમનો આરંભ તો થઈ જ ચૂક્યો હતો, પરંતુ તેમ છતાં તેમાં સ્થિતિચુસ્તતા એટલાં બધાં ન હતાં. કંઈ કશું એક જ પ્રકારનું જે તે શ્રેષ્ઠ છે, એવું મંતવ્ય પણ ત્યારે જીવતુંજાગતું બનેલું હોય એમ લાગતું નથી. જોકે મને શાસ્ત્રો ઉપનિષદ-કશાનો પરિચય નથી, તેમ છતાં આટલું લખવાની ધૃષ્ટતાને વાચકો નિભાવી લેશે એવી પ્રાર્થના.

ગીતા ઉદ્ભવી તે કાળમાં 'યજ્ઞ'નું તાત્પર્ય અને તેનો અર્થ જે સમાજમાં પ્રચલિત હતો, તેવા તાત્પર્ય અને અર્થની બાબતમાં પણ, તેના ભાવાર્થમાં પણ, 'યજ્ઞ'નો અર્થ તે કાળના સમાજમાં જે પ્રચલિત હતો, તેનાથી વિકાસ પામતા જતા ભાવના-અર્થમાં ગીતામાં પણ પરિણિત થતો જતો જરૂર લાગે છે. આજનો કાળ અને ગીતા ઉદ્ભવી તે કાળ અને તે પહેલાંનો કાળ, એ બધામાં આસમાન જમીનનો તફાવત છે. જે જીવનનાં સનાતન મૂલ્યો હોય, તે ભલે ના બદલાતાં હોય, પરંતુ રીતરિવાજ, રૂઢિઓ તથા જીવન અંગેનાં ખ્યાલો, સમજણો અને શબ્દના અર્થ પણ કાળે કરીને ફેરવાતા જ જતા હોય છે. લગભગ બધી જ ભાષાઓનું પણ તેવું જ હોય છે.

આધ્યાત્મિક જીવનવિકાસને માર્ગે આગળ ધપવા માગતા શ્રેયાર્થીએ સોળમા અધ્યાયમાં જે ગુણોનું વર્ણન કર્યું છે, તે ગુણો જીવનવિકાસના સાધકે કેળવ્યા વિના કે કેળવાયા વિના-વિકાસ પંથે આગળ ડગલાં માંડી શકાવાનાં નથી, તે નિશ્ચિત હકીકત છે. ગુણ કેળવવાનું કે વિકાસ કરવાનું-એકલા ગુણને એકમ તરીકે લઈને કેળવવાનું કરવા જતાં કેટલો કાળ લાગે, તેનો હિસાબ દરેકને માટે કાઢી શકાય તેવું નથી, અને તે મુશ્કેલ પણ ખરું. જોકે એક ગુણ એની શ્રેષ્ઠ કક્ષામાં કેળવાતો જતો હોય, તો એની સાથેના બીજા આનુસંગિક ગુણો પણ જોડે જોડે કેળવાતા જતા હોય છે, કારણ કંઈક જ કશું એકલદોકલ પણે નથી, પરસ્પરની સાથે જે તે સંકળાયેલું જ હોય છે. ગુણને એકલા એકમ તરીકે લઈને કેળવવા કરતાં, ભક્તિ થતાં થતાં ભક્તિભાવના ઉદ્રેકને લીધે અને ભક્તિભાવ હૃદયમાં હૃદયથી જામતાં જામતાં જીવતો થતાં ગુણોનો પણ પ્રાદુર્ભાવ થયા વિના રહી શકતો જ નથી. ભક્તિના રંગ-રસ જામતાં જામતાં, તેની અસર શરીરનાં સર્વ અંગઉપાંગો, કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, કરણો અને ગુણોના ઉચ્ચ વિકાસમાં પણ તે પ્રસર્યા જતી હોય છે. ભક્તિનો પ્રારંભ, સ્મરણ, જપ, મંત્ર, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, શ્રીભગવાનને હૃદયમાં હૃદયથી જેમાં ને તેમાં સન્મુખ દઢાવીને તેવી તેની દ્રવિત થતી જતી ભાવનાને હૃદયસ્થ કેળવવાના-એવાં સાધનોથી થાય છે. ભક્તિ પણ અનુરાગ પ્રગટ્યા સિવાય થઈ શકે જ નહિ. ભગવાન કંઈ આપણી કને સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન આદિ કશું જ કરવાને કહેતો હોતો નથી. તેને તેવા કશાની જરૂર પણ નથી, પરંતુ તે વિષય પરત્વે અભિમુખ આપણાં કરણો થાય, તે તે કાજે તે તે સાધનો છે અને એમાં પણ નિરંતરતા પ્રગટ્યા સિવાય ભક્તિનો ભાવ પ્રત્યેક ઇંદ્રિય, કરણ તથા શરીરનાં બીજાં એવાં કેન્દ્રોમાં પહોંચીને અસર પાડી શકવા કદી પણ સાધક કામિયાબ નીવડી શકતો જ નથી.

તેથી, એકબાજુથી વિકાસની જીવંત અભિમુખતા પ્રગટી, તેમાં વેગ પકડે અને આગળ તે માર્ગે ધક્કેલો લાગે, એવું જે કોઈને પોતાને પ્રવર્તાવવું હોય, તેમણે તેમને જે સાનુકૂળ લાગે, તેવાં સાધનોનાં અનુશીલન, પરિશીલનમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંને વાળવાં જ પડશે અને બીજી બાજુથી રાગદ્વેષાદિ અને કામક્રોધાદિથી મુક્ત થવાની પણ પ્રચંડ સભાનતા એના દિલમાં જાગેલી હોવી જોઈશે.

**નિરાગ્રહી, અનાસક્ત પૂરેપૂરા થયા વિના, કેમેયે કરતાં જ્ઞાનનો અનુભવ થાય ના.**

એટલે એક બાજુથી હૃદયમાં હૃદયથી સતત ભાવ જીવતો-જાગતો ચેતનાત્મક પ્રગટ્યાં જ કરે અને બીજી બાજુથી રાગદ્વેષાદિ તદ્દન મોળા પાડ્યા કરવાનાં કાર્યમાં હેતુપૂર્વકની સભાનતાથી આપણે એકધારા સતત પરોવાયેલા હોઈએ, તો જીવનવિકાસનું કર્મ ઝપાટાભેર આગળ વધે છે.

સાથે સાથે શરૂશરૂમાં મને પોતાને તો અભય, નમ્રતા, મૌન, એકાંત આ સાધનોએ ઘણી મદદ કરી છે. ભયંકર એકાંત એટલે જ્યાં હિંસક પ્રાણીઓ રહેતાં હોય, અને ભારેમાં ભારે જંગલ હોય અને આગળ પાછળ દસબાર માઈલના ગાળામાં કોઈ વસ્તી જ ન હોય, એવાં સ્થળોએ ઘણુંખરું પ્રત્યેક વર્ષે એકાદ માસ તો એવા એકાંતમાં જ રહેવાનો શ્રીપ્રભુકૃપાથી અભ્યાસ પાડ્યાં કરેલો હતો જ.

વળી, અભયની કેળવણીની પરીક્ષા તો ૧૯૩૦ના સત્યાગ્રહ વેળા શ્રીપ્રભુકૃપાથી મળી ગઈ. સત્યાગ્રહમાં તો પ્રયોગાત્મક અભયાદિ ગુણને કસવાનું અને તેમની વિકાસ-સ્થિતિ-મર્યાદા કેટલી હદ સુધીની કેળવાયેલી છે અને કેટલી જીવંત છે, તે તે બધું અનુભવ-પ્રયોગ દ્વારા સિદ્ધિ ન થાય, ત્યાં સુધી તે પરત્વેનો સંપૂર્ણ આત્મવિશ્વાસ અને આત્મપ્રતીતિ જાગી શકતાં નથી. તેથી ૧૯૩૦નો ગાળો (સત્યાગ્રહ) મારે માટે તો શ્રીપ્રભુનો મોકલ્યો કાળ હતો, અને તો જ તેવા પ્રયોગ ત્યારે આપમેળે થતા રહ્યા અને થતા ગયા.

નમ્રતા તો એટલી હદ સુધીની કેળવવાની હોય છે કે બધી જ આવડત હોય, સમજણ હોય, ભારેમાં ભારે કર્મ હોશિયારીથી કર્યે જતા હો, આપણને મળેલું કર્મ ઉત્તમોત્તમ રીતે થયાં જતું હોય અને તેમાં મુદ્દલે ગફલત ન થયા જતી હોય અને કર્મ કરવામાં કાળના સમયની તો ગણતરી હોય જ શેની ? મોટી પદવીની જગાએ હો, તેમ છતાંય તમારી શક્તિ, આવડત, સમજણ, મોભો આમાંનું કશું જ ન જણાય અને નમ્રતાની-નમ્રતાની એટલાથીએ નીચે હદે પહોંચાય ત્યારે આપણે ઇંદ્રિય, કરણ તથા બીજાં એવાં સૂક્ષ્મ કેન્દ્રોમાં પ્રવેશી શકીએ એવી લાયકાત ધરાવતા થઈ શકીએ. એવી જ્ઞાનભક્તિપૂર્વકની જીવનવિકાસના હેતુની સભાનતાથી કેળવાતી જતી નમ્રતા જ જીવનને ઘડવાને યોગ્ય એવી મુલાયમતા જન્માવવાને યોગ્ય હોય છે. આમ, આધ્યાત્મિક જીવનવિકાસને ફળવવા કાજે ગુણ અનિવાર્ય છે. જોકે આજકાલ સાધનાને પંથે વિચરનાર બહુ થોડાને જ ગુણ કેળવવા પરત્વેનો મહત્ત્વનો ઝોક પ્રગટેલો હોય છે.

મને પોતાને તો ભક્તિ થતાં થતાં ગુણનો વિકાસ થતો જતો અનુભવાયો છે. તેમ છતાં સાધકની, ગુણ કેળવાતા હોવા પરત્વેની, એના હૃદયની સભાનતા જીવતીજાગતી હોવી જ જોઈશે.

**પોતાના જીવનના રાહબર પરત્વે હૃદયમાં હૃદયથી અને હૃદયની જીવતીજાગતી ભક્તિ પ્રગટ્યા વિના સદ્‌ગુરુ આપણામાં કદી પ્રવેશી શકતો હોતો નથી.** આ એક સાચી હકીકત મને તે કાળના થતા જતા અનુભવમાં શ્રીપ્રભુકૃપાથી જીવતીજાગતી થયેલી હતી જ અને હૃદયમાં હૃદયની અને હૃદયથી એવી સન્મુખતાની સભાનતાથી જે કૂદકે ભૂસકે આગળ વધાયું છે, તેનો ઇતિહાસ તો ઑર જ છે. એવી ભક્તિ થવા કાજે પ્રત્યેકને એવી જ્વાળામુખી સમી ધગધગતી જિજ્ઞાસા (જિજ્ઞાસા પુસ્તક વાંચવું) ઉત્કટમાં ઉત્કટ પ્રગટેલી હોવી જોઈશે. સદ્‌ગુરુ પાસેથી શીખવાની ઉત્કટમાં ઉત્કટ પ્રચંડ ગરજ જાગેલી હોવી

જોઈશે. જ્યારે માનવીને તેવી ઉત્કટ ગરજ જાગશે અને લાગશે ત્યારે જ આગળ ધપાશે. રાગદ્વેષાદિથી મોળા પડાતા ગયા વિના ધ્યાન પણ ઉત્તમ રીતનું પ્રગટી ન શકે. ખરેખરું સાચા ભાવનું ધ્યાન થયા કરતું હોય તો તેમાંથી તટસ્થતા ઊગતી જતી હોય છે, અને જે તે બધું જ કર્યા કરતાં હોઈએ છતાં આપણે તટસ્થ છીએ, એવો પ્રયોગાત્મક અનુભવ થયા વિના રહી શકતો નથી. તેથી, મારી તો પ્રાર્થના છે કે જેમને ધ્યાન ઉત્તમોત્તમ થાય, એવું સહૃદયતાથી ઇચ્છતા હોય, તેમણે તેમણે ધ્યાન ભલે કરતા હોય તો કર્યા કરે, પરંતુ તેની સાથે સાથે રાગદ્વેષાદિ, આગ્રહો, ટેવો, સમજણો, માન્યતાઓ વગેરે વગેરેથી કેમ કરીને મુક્ત થવાય, તે રીતે જીવન પ્રવર્તાવવાની અને તે બધાંની હૃદયની ચેતનાત્મક સભાનતા પ્રચંડપણે જાગી ગયેલી હોવી જ જોઈશે.

આજકાલ તો રાગદ્વેષાદિ, કામક્રોધાદિ મોળા પાડવા પરત્વેનો મહત્ત્વનો ઝોક તો ક્યાંય કોઈ ઠેકાણે દૃષ્ટિગોચર તો થતો જ નથી, બલકે જ્યાં ત્યાં ધ્યાનાદિમાં એકદમ સમાજને દોરી જવાનું બન્યા કરતું જણાય છે, તે ભલે થતું, પરંતુ આધ્યાત્મિક જીવનવિકાસના સાધકને આ જીવનવિકાસ પરત્વેનાં તે તે યોગ્ય પાસાંનો ખ્યાલ આવી રીતે જે જે દોરનાર વ્યક્તિ હોય, તે તે વ્યક્તિ આપતી હોય તો ઠીક, એમ આ જીવનું માનવું છે.

एकने અનુભવવાના માર્ગ જુદા જુદા હોય, પરંતુ આ માર્ગમાં ક્યાંયે SHORT CUT – એકદમ ઓચિંતા કૂદીને ચઢી જવાય, એવો ટૂંકામાં ટૂંકો માર્ગ નથી, એવો શ્રીપ્રભુકૃપાથી મને અનુભવ છે. તેથી, **હરિઃૐ આશ્રમની સાથે સંકળાયેલા સ્વજનોને મારી પ્રાર્થના છે કે તેઓ બધાં જ મારું આ લખાણ પ્રેમથી વાંચે અને જો તેઓ હૃદયની ખરેખરી દાનતથી, એકનિષ્ઠાથી અને વફાદારીથી આ માર્ગમાં પડ્યાં હોય તો તેઓ તેમનાં તેવાં વર્તન પ્રત્યક્ષ વર્તનમાં શ્રીપ્રભુકૃપાથી મૂકશે તો તેમાં તેઓને જ લાભ છે.**

આ ગીતાની બીજી આવૃત્તિની નકલો ખાસ રહી ન હોવાથી, અને તેમાં કેટલાક સંદિગ્ધ શ્લોકનો સ્પષ્ટ અને સરળ અર્થ જો સાદી રીતે કરી શકાય તો ઉત્તમ, એમ દિલમાં થયું અને તે સાકાર કરવા છેક દક્ષિણના કુંભકોણમ્‌ના આશ્રમે એકાદ માસ રહેવું એમ નક્કી કર્યું જ હતું અને ત્યાં જવાની તૈયારી પણ ચાલતી જ હતી અને કુંભકોણમ્, ત્રિચી વગેરે સ્થળે ત્યાં જવાની બાબતમાં લખાઈ પણ ચૂક્યું હતું. દરમિયાનમાં એક વખત વડોદરામાં શ્રી રમણભાઈ અમીન અને શ્રીમતી ધીરજબહેનને ત્યાં જવાનું થતાં અને અમારે ગીતાજીમાં કેટલુંક સંશોધનાર્થે લખવા કાજે અને ફક્ત તે કર્મ માટે યોગ્ય એકાંત મળી શકે તેવા હેતુથી કુંભકોણમ્ જવાના છીએ, એમ વાત નીકળી, ત્યારે તેઓએ-બંનેએ પ્રેમથી તેમનો બંગલો જે મહિસાગરને કિનારે અને બધી સુખ સગવડવાળો છે, તે અમને ત્યાં બતાવવા પણ લઈ આવ્યાં. અમને આ જગા બહુ જ ગમી ગઈ અને અમને અમારા કર્મમાં સરળતા, સગવડ, બધું જ મળી રહે એવી બધી જ પાકી વ્યવસ્થા તેમણે દંપતીએ ગોઠવી દીધી. આવું સુંદર, રમ્ય સ્થળનું એકાંત મળવાથી જ ગીતાનું કરવા ધારેલું કામ સારી રીતે પાર પડ્યું છે.

લગભગ ૪૫૦ નવી કડીઓ લખી છે, **તેમાં સત્ત્વ, રજસ અને તમસ ગુણવાળાને પણ આપણે ઓળખી શકીએ, તેવું લખાણ લખાયેલું છે, તે પણ ગીતાના વાંચનારને ઠીક સમજણ પાડશે તેવી શ્રદ્ધા છે.**

વળી, ગીતામાં પ્રત્યેક કર્મ પ્રભુપ્રીત્યર્થે, યજ્ઞભાવે અને નિષ્કામભાવે કરવાનાં ઉદ્દેશાયેલાં છે. તેથી, તેના પરિણામની ચિંતા તો આપણે ત્યાગવી જ રહી, અને તેની યથાર્થ સમજણ જાગે તેવા હેતુથી તેના ઉપર અહીં આ શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા, વડોદરા)ના બંગલામાં જ શ્રી કાંટાવાળા સાહેબના નિમિત્તે જે કવિતા લખાઈ, તે પણ પાછળના ભાગમાં છાપી છે, અને વાચકોને તેમાં યોગ્ય પ્રકારની જીવનવિકાસની સમજણ મળશે એવી આશા છે.

શાસ્ત્રોનો આ જીવને કોઈ પણ પ્રકારનો મુદ્દલે

અભ્યાસ નથી. માત્ર જીવનમાં જે સમજણ અનુભવને આધારે પ્રગટેલી છે, તેને અનુસરીને જ જે તે લખાયેલું છે.

**(અનુષ્ટુપ)**

**નોંધ, ટીપ્પણ જે જે તે-જે સમજણ જીવને,**
**-પ્રભુકૃપાથી લાધી છે, તેનાથી સૌ લખાયું છે.**
**પૂરેપૂરું જ તે સત્ય એવો દાવો કશો નથી,**
**લાગે વિચારતાં યોગ્ય, તો સ્વીકારવું બુદ્ધિથી.**

એકાંતની મોજ મહાલવાની-માણવાની હૃદયભાવના હજી સમાજમાં યોગ્ય પ્રમાણમાં પ્રગટતી નથી. જીવનના ઓથારને હળવો કરવા કાજે પણ એકાંતની ઘણી ઘણી જરૂર. આધ્યાત્મિક જીવનવિકાસ કાજે તો એકાંતની અનિવાર્ય જરૂર. મનમાં શાંતિ, પ્રસન્નતા કેળવવાને કાજે પણ એકાંતની જરૂર ખરી જ. આવા એકાંતની જ્ઞાનપૂર્વકની હેતુની સભાનતાયુક્ત સમજણ સમાજમાં જીવતીજાગતી થાય તો ઉત્તમ.

ગીતાજી તો એકાંતને યોગ્ય સમર્થન આપે છે. જીવનના સાધકને કાજે તે અનિવાર્ય જ — એવું નર્યું એકાંત આ જીવે તો શ્રીપ્રભુકૃપાથી મસ્તીથી ભોગવ્યું છે. મારા આશ્રમો તેથી એકાંતમાં જ છે. **એકાંત તો હૃદયના ભાવને એકાગ્ર અને કેંદ્રિત થવા દેવામાં રચનાત્મક સાધન છે.** જીવનના સાધકે તો જ્યાં જ્યાં ભયંકર એકાંત હોય તેનો, અભય કેળવવાના હેતુસર પોતે એકલા જ ઉપયોગ કર્યા કરવાની ખાસ જરૂર-ભયંકર એકાંત પચવું સહેલું નથી. શ્રેયાર્થીને દિલ એવું એકાંત કદી પણ ભયંકર હોતું નથી. — મોટા

*('જીવનગીતા', આ.-૪, પૃ. ૩૦થી ૩૭)*

## ગયેલા આત્માને...

૧. યોગેશભાઈ નટવરલાલ ઠક્કર (સોપારીવાળા) અમદાવાદ નિવાસીના માતુશ્રી શારદાબેનનો દેહાંત તા. ૨૫-૧૦-૨૦૧૯ શુક્રવારના રોજ થયેલ છે.
૨. હરમાનભાઈ એમ. સોલંકી બામરોલીના માતુશ્રી શાંતાબેનનો દેહાંત તા. ૨૪-૧૦-૨૦૧૯ન ગુરુવારના રોજ થયેલ છે.
૩. ઈશ્વરભાઈ જીવાભાઈ પટેલ (નરોડા)નો દેહાંત તા. ૨૭-૧૦-૨૦૧૯ના રોજ થયેલ છે.
૪. ચિરાગ પ્રફુલચંદ્ર શાહના પિતાશ્રી તથા સ્વ. સી.ડી. શાહના દીકરા પ્રફુલચંદ્ર ચીમનભાઈ શાહનો દેહાંત તા. ૧૮-૧૧-૨૦૧૯ સોમવારના રોજ થયેલ છે.
૫. ભીખાભાઈ પ્રજાપતિ (પીપલગ)ના પુત્ર અશ્વિનભાઈ પ્રજાપતિનો દેહાંત તા. ૨૨-૧૧-૨૦૧૯ શુક્રવારના રોજ થયેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વેના આત્માને શાંતિ અર્પે તેવી અભ્યર્થના.**

## YouTube પર ''મૌન મંદિરમાં હું''

આપ સૌને જાણીને આનંદ થશે કે 'સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા'ના જીવનપ્રસંગોને આવરી લેતી YouTube પરની સફળ ધારાવાહી બાદ હવે ''મૌન મંદિરમાં હું'' નામની એક અનોખી ધારાવાહીનું ૮ એપીસોડમાં તા. ૩૦ નવેમ્બર, ૨૦૧૯થી આપણા સ્વજન શ્રી હર્ષદભાઈ શાહ (હાલ USA) દ્વારા YouTube પર Nadiad - Harshad Shah નામની ચેનલ પર પ્રસારણ શરૂ થઈ ગયું છે. જેની પ્રસ્તુતિ દર શનિવારે કરવામાં આવે છે. સૌ સ્વજનોને લાભ લેવા વિનંતી.

**જે ધર્મનું સાધન આ શરીર તે સાધનાયોગ્ય નથી જરૂર,**
**અધીર ને અસ્થિર ચિત્ત આ છે, ના ધ્યેયમાં કેંદ્રિત થાય છે તે. ૩૯**

**આ શરીર જે ધર્મનું સાધન છે તે જરૂર [હવે] સાધનાયોગ્ય નથી [રહ્યું]. આ ચિત્ત અધીર અને અસ્થિર છે, તે ધ્યેયમાં કેંદ્રિત ના થાય છે.**

આ શ્લોકમાં ભટ્ટ સાહેબ ધર્મ અને અધ્યાત્મના માર્ગે ચાલવા માટે - જવા માટે પોતાનાં શરીર, મન, પ્રાણ વગેરેની મર્યાદાઓની વાત કરે છે. આને કારણે ઈશ્વર પ્રાપ્તિનું કે સ્વ-રૂપ પ્રાપ્તિનું મનુષ્ય દેહનું જે લક્ષ્ય છે તેના પર એકકેન્દ્રિત થઈ શકાતું નથી એવી વાત પોતાના ગુરુવર્ય સમક્ષ કરે છે.

લક્ષ્યપ્રાપ્તિ માટે - પ્રત્યેક વ્યક્તિની પ્રકૃતિ અનુસાર, એની ધારા અનુસાર એને જુદા જુદા માર્ગોની સમજણ સંતપુરુષો, ગુરુજનો, જ્ઞાનીજનો વગેરે દ્વારા અથવા સત્સંગનાં પુસ્તકો દ્વારા પૂરી પાડવામાં આવે છે. કોઈ જપનો માર્ગ લે છે તો કોઈ ધ્યાનનો, તો વળી કોઈ હઠયોગમાં પ્રાણાયામનો માર્ગ લે છે.

શ્રી શ્રીમા આનંદમયી ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગની વાત કરે છે. આ ત્રણે માર્ગના લોકો સરળતાથી કરી શકે એવો માર્ગ પણ શ્રી મા રજૂ કરે છે :

- હૃદય - આસન પર ગુરુને [ઈશ્વરને] સ્થાપવા એ **ભક્તિમાર્ગ.**
- ગુરુની સાથે પ્રાણીમાત્રમાં પ્રાણરૂપથી સ્થાપવા એ **જ્ઞાનમાર્ગ.**
- જપ આદિ ક્રિયા તે **કર્મમાર્ગ.**

આ પદ્ધતિ ત્રણેય માર્ગમાં સહાયક બને છે.

શ્રી રમણ મહર્ષિ કહે છે : ‘‘જેને જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ પસંદ ન હોય એ યોગમાર્ગનો આશ્રય કરી પ્રાણાયામથી શાન્તિ મેળવી શકે છે... શ્વાસને રોકવામાં આવે તો મન એના પ્રિય વિષયો તરફ બહાર કૂદકા મારી શકતું નથી, તેથી એને શાંત રહેવાની ફરજ પડે છે. કેટલાંકને પ્રકૃતિને કારણે પહેલા બે માર્ગ માફક ન આવતા હોય અને વૃદ્ધાવસ્થાને કારણે યોગમાર્ગ પણ અનુકૂળ ન હોય તો તેઓ સામાજિક સેવા, સારાં કર્મનો કર્મ-માર્ગ પણ અનુસરી શકે છે. આ માર્ગે વ્યક્તિનાં સારાં વલણોનો વિકાસ થાય છે અને સત્કર્મ વડે તે સંતોષ મેળવે છે, તેનો અહંકાર નબળો પડે છે અને સારું પાસું વિકસવા માંડે છે.’’

આ રીતે સમય જતાં અગાઉ દર્શાવેલ ત્રણ માર્ગોમાંથી કોઈ એક માટે યોગ્યતા કેળવાય છે, અથવા કર્મમાર્ગ વડે જ આંતરદષ્ટિ ખૂલી શકે અને મોક્ષ સિદ્ધિ પણ મેળવી શકાય છે. કેટલી મોટી હૈયાધારણ !

ઉપરોક્ત શ્લોકમાં શ્રી ભટ્ટ સાહેબ જે સરેરાશ સાધકની નબળાઈ કે હતાશાની વાત કરે છે એના સંદર્ભમાં શ્રી શ્રીમાએ કેટલાક ભક્તોને પત્રો દ્વારા આપેલી દોરવણી અત્રે ઉલ્લેખનીય છે. કેટલાંક પત્રોમાંથી અત્રે એક પત્ર રજૂ કર્યો છે :

- ‘‘ફક્ત એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ‘હું કરી શકતો નથી’ અથવા ‘કરી શકીશ નહિ’ એવો ભાવ મનમાં આવવા દેવો જોઈએ નહિ. આવા ભાવ આવે તો ખરા [પરંતુ] ‘હું અવશ્ય કરીશ કરીશ’ જેવી હાલતમાં તે [ભગવાન] રાખશે તેમાં હું રહીશ. જેનું શરીર છે તેને અર્પણ કરીને બસ સદા શાંતિથી શબાસન દ્વારા શ્વાસચાલિત મંત્રની ભાવના કરી ‘એક બ્રહ્મ જ છે, બીજું નથી’ આ ભાવમાં દૃઢ રહેવું.’’

●

**દ્વંદ્વો થકી હાર સદૈવ પામે, ના ટાઢ કે તાપ સહી શકે તે,**
**માનાપમાને સમતા ન ધારે, લાચાર એ આ જનની દશા છે. ૪૦**

**[આ જન] દ્વંદ્વો થકી સદૈવ હાર માને [છે], તે ટાઢ કે તાપ સહી ન શકે [છે], માન અપમાને સમતા ન ધારે [છે] – આ જનની એ [= આવી] દશા છે.**

**ધારે થવા ચિંતન ઈષ્ટનું તે, અનિષ્ટ ભાવે જ સરી પડે છે;**
**જવા વિચારે પ્રભુ ! પૂર્વમાં તે ને પશ્ચિમે ઘસડાઈ જાયે. ૪૧**

**તે ઇષ્ટનું [= ઇષ્ટદેવનું] ચિંતન થવા [= કરવા] ધારે [છે], [પણ] અનિષ્ટ ભાવે જ સરી પડે છે. [હે] પ્રભુ તે પૂર્વમાં જવા વિચારે છે ને પશ્ચિમે તો ઘસડાઈ જાયે [છે].**

**સંકલ્પ જે તે તજવા ચહે છે તેનો જ તે ભોગ થઈ પડે છે;**
**અનાદિ સંસ્કારબળે કરીને સ્વભાવનો દાસ બની ગયો છે. ૪૨**

**જે સંકલ્પ તે તજવા ચહે છે તેનો જ તે ભોગ થઈ પડે છે; અનાદિ સંસ્કારબળે કરીને[તે] સ્વભાવનો દાસ બની ગયો છે.**

**છે દેવનું મંદિર આ શરીર સભાનતા તે ન રહી લગીર;**
**ત્યાં રાખીને દીપક મેં જ્વલંત રાખ્યું ન એ મંદિર દીપ્તિમંત. ૪૩**

**આ શરીર દેવનું મંદિર છે તે સભાનતા લગીર [પણ] ન રહી; ત્યાં મેં જ્વલંત દીપક રાખીને એ મંદિર દીપ્તિમંત ન રાખ્યું.**

**આ વાત જે અંતરની કહી મેં પ્રભો ! અજાણી નથી આપને તે;**
**નિવેદનો તેમ છતાં કરીને ખુલ્લું થવાને મન આ ચહે છે. ૪૪**

**મેં અંતરથી જે આ વાત કહી તે [હે] પ્રભો ! આપને અજાણી નથી; તેમ છતાં નિવેદનો કરીને આ મન ખુલ્લું થવાને ચહે છે.**

'મોટાચરણે'ના આ શ્લોકમાં રચયિતા શ્રી ભટ્ટ સાહેબ સદ્ગુરુ શ્રી પ્રત્યે આત્મનિવેદન કરે છે. આ જીવનનાં દ્વંદ્વો, સુખ-દુઃખ, ટાઢ-તાપ, માન-અપમાનને પોતે સહન કરી શકતા નથી. પ્રભુના પથમાં આગળ વધવા માટે પ્રયત્ન કરવા જતા તેનાથી વિરુદ્ધ દિશામાં શરીર, મન અને પ્રાણ ગતિ કરે છે. ઈષ્ટનું ચિંતન કરવા જતાં અનિષ્ટભાવમાં સરી પડે છે. સંકલ્પોમાંથી છૂટવા માટેનો પ્રયાસ નિષ્ફળ બની જાય છે. પૂર્વેના સંસ્કારોને લઈને સ્વભાવનો દાસ એટલે કે પ્રકૃતિનો ગુલામ બની જાય છે.

મહાભારતમાં દુર્યોધન કહે છે : "ધર્મ શું છે તે હું જાણું છું, પણ એમાં હું પ્રવૃત્ત થઈ શકતો નથી અને અધર્મ શું છે એ જાણતો હોવા છતાં એમાંથી હું નિવૃત્ત થઈ શકતો નથી." ભટ્ટ સાહેબ લખે છે : "જવા વિચારે પ્રભુ ! પૂર્વમાં તે ને પશ્ચિમે તો ઘસડાઈ જાયે." અલબત્ત આ પ્રત્યેક જીવ સાથે બનતું હોય છે કારણ કે અનેક જન્મોના સારાં-ખોટાં સંસ્કારો સાથે લઈને માણસ આવતો હોય છે. એ એની આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધ ઊભો કરે છે. શરીરરૂપી દેવમંદિરને દીપ્તિમંત રાખવાની સભાનતા સાધક રાખી શકતો નથી. ડિવાઈન મધર આ અવરોધના નિવારણ માટે ચેતનાના ઑરડાને સાફ રાખવાની વાત કરે છે.

સાધકે જ્યારે સરસ અભીપ્સા કરી હોય ત્યારે જ તેમની અભીપ્સાથી સાવ ઊલટી જ વસ્તુ તેમની સામે ખડી થઈ ગઈ હોય. આવી વસ્તુઓ સતત બન્યા કરે છે. ડિવાઈન મધર કહે છે : "આનો અર્થ એ કે આ લોકોએ કેવળ વિધાયક બાજુ જ વિકસાવી હોય છે, તેઓ સહાય માગે છે. તેઓ ઊર્ધ્વતર શક્તિઓના સંપર્કમાં આવવા પ્રયત્ન કરે છે. તેઓ તેમાં સફળ થાય છે, તેમને અનુભવો થાય છે; પરંતુ તેમણે તેમનો ઑરડો સાફ કરવાનું સંપૂર્ણપણે અવગણ્યું હોય છે." તેઓ કહે છે : "સાધકે ક્યારેય પોતાના ચેતનારૂપી-મનરૂપી-પ્રાણરૂપી

ઑરડાને સાફ કરવાની ઉપેક્ષા કરવી જોઈએ નહિ. આંતરિક શુદ્ધિ ઓછામાં ઓછી બાહ્યશુદ્ધિ જેટલી જ મહત્ત્વની છે.'' વિવેકાનંદજીએ કહ્યું છે : ''વ્યક્તિએ દરરોજ સવારે પોતાના આત્માને અને પોતાના શરીરને સાફ કરવાં જોઈએ, પરંતુ જો તમારી પાસે બન્નેય માટે સમય ન હોય તો શરીરને સાફ કરવા કરતાં આત્માને સાફ કરવો વધારે સારું છે.'' આથી જ શ્રી વિમલાબહેન ઠકાર પળે પળના અવધાનની વાત કરે છે.

ડિવાઈન મધરે કહેલી વાત પણ ભટ્ટ સાહેબના ઉપરોક્ત શ્લોકોને સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય છે. તેઓએ કહ્યું છે : ''તમારે કદાપિ આમ કહેવું જોઈએ નહિ : 'હું પહેલાં મારા વિચારોને શુદ્ધ કરીશ', 'મારા શરીરને શુદ્ધ કરીશ', 'મારા પ્રાણને શુદ્ધ કરીશ', અને ત્યાર પછી 'મારા કર્મને શુદ્ધ કરીશ.' આ સામાન્ય ક્રમ છે પરંતુ તે કદી સફળ થતો નથી, અસરકારક ક્રમ છે... બહારથી શરૂઆત કરવી, પહેલી વસ્તુ એ છે કે 'હું તે નહિ કરું', બીજી એ કે 'હવે પછી હું તેને નહિ ઈચ્છું' અને એ પછી 'હું બધા જ [નિમ્ન] આવેગો માટે મારાં બારણાં બંધ કરી દઈશ.' પછી 'તેમનું મારા માટે અસ્તિત્વ જ નથી.' 'હવે હું એ બધાની બહાર છું.' આ સાચો ક્રમ છે.''

ગુરુદેવના આદેશ અને ઉપદેશને ધ્યાનમાં લઈને શ્રી ભટ્ટ સાહેબે પણ આત્મનિવેદનની સહાય લીધી હતી તે આ 'મોટાચરણે' પ્રાર્થનામાં જોઈ શકાય છે. શ્રીમોટા કહે છે : ''જો આપણાં બધાંની હૃદયની સાચેસાચી અને પૂરેપૂરી નેમ હશે તો કશું પણ બાકી રાખ્યા વિના બધું જ આપવું પડવાનું છે. સંપૂર્ણપણે ખાલી થઈ ગયા વિના ચેતનાની પ્રતિષ્ઠા થઈ શકવાની નથી, તે પણ નક્કર હકીકત છે. પરિશ્રમ તો ઘણો ઘણો લેવો પડશે. રોદણાં રડવાથી શું વળે ? ખરેખરું આત્મનિવેદન જો થયા કરતું હોય તો એક પ્રકારની શક્તિ પ્રગટે છે. તે આપણને વિશેષ જાગૃત કરે છે. આપણી નિર્બળતાને ચીંધે છે. તેમાંથી સબળ બનવાને પ્રેરણા બક્ષે છે, આપણા ધ્યેયમાં એકાગ્ર અને કેન્દ્રિત રાખવાને આપણને ચેતવે છે. આત્મનિવેદનના એકધારા હૃદયપૂર્વકના અભ્યાસમાંથી તો ચેતનાની સાથેનો હાર્દિક સંબંધ પ્રગટે છે, તે આત્મનિવેદનની મોટામાં મોટી ખૂબી છે. જે બાબતનું આપણે આત્મનિવેદન કરતાં હોઈએ તે બાબતની સતત જાગૃતિ જો આપણામાં પ્રગટતી અનુભવાય તો તે આત્મનિવેદન સાચું છે એમ પ્રમાણવું.''

પૂ. શ્રીમોટા ગુરુ પ્રત્યે સંપૂર્ણપણે ખુલ્લા થવાની વાત કરે છે. શ્રી શ્રીમા આનંદમયી આને સમજાવતાં કહે છે : ''પાત્રને જો ભરવું હોય તો પાત્ર પહેલાં ખાલી કરવું પડે છે. ગુરુ સમક્ષ ખુલ્લા થવાથી - પોતાની ભૂલો - મર્યાદાઓનો એકરાર કરવાથી ખાલી થઈ જવાય છે. પછી ગુરુને જે કાંઈ આપવું હોય છે તે તેઓ આપી શકે છે. બીજા શબ્દોમાં સાધકની ગ્રહણશક્તિમાં વધારો થાય છે. આથી જ કેટલાક સંતો - મહાત્માઓ સાધકોને - ભક્તોને શિષ્યોને અંગત મુલાકાત આપતા હોય છે.'' એક વાર ભટ્ટ સાહેબે શ્રીમોટા પ્રત્યે ખુલ્લા થવા શ્રીમોટાની નડિયાદમાં અંગત મુલાકાત લીધી હતી. ઑરડામાંથી બહાર નીકળતી વખતે શ્રીમોટાએ ભટ્ટ સાહેબને કહ્યું હતું : ''ભટ્ટ સાહેબ, હવે નિશ્ચિંત થઈ જાઓ. મારા ગુરુ મહારાજે તમને તમારા ગુણ-દોષ સાથે સ્વીકારી લીધા છે.''

શ્રીમોટા કહે છે - ''સાધકના જીવનમાં કંઈ ને કંઈ મડાગાંઠો હોવાની જ. જો તે સંપૂર્ણપણે ખુલ્લો ન રહ્યા કરે, એનાથી નોખાપણું ન રાખ્યા કરે તો જરૂર ક્યાંક ને ક્યાંક ફસાઈ જાય, એટલે સાધકે પોતાના મનના વિચારોને આત્મનિવેદનની ભાવનાથી જણાવ્યા કરવામાં ક્યાંય પણ ગેરલાભ નથી. જે વિચારો ઘણા વખત સુધી મનમાં સૂક્ષ્મપણે છુપાયેલા પડ્યા હોય છે તે વિચારો વખત જતાં બળવાન બને છે અને આપણને તે ઊંધે પાટે ચડાવે છે. વિચારોનું બળ જેવું તેવું હોતું નથી. એટલા માટે જ આત્મનિવેદનો એ ઉત્તમ પ્રકારની ભક્તિ ગણાય છે.''

*(ક્રમશઃ)*

## હરિઃૐ આશ્રમ, નડિયાદ - વર્ષ -૨૦૨૦ ઉત્સવ ઉજવણીની યાદી

- ૦૨-૦૨-૨૦૨૦ રવિવાર — **વસંતપંચમી (પૂજ્ય શ્રીમોટાનો જ્ઞાનદિન)**
  સ્થળ : હરિઃૐ આશ્રમ, નડિયાદ
  સવારે ૭-૩૦ થી ૮-૦૦ હળવો નાસ્તો
  સવારે ૮-૦૦ થી ૧૧-૩૦ પ્રાર્થના, નામસ્મરણ
  સવારે ૧૧-૩૦ થી ૧૨-૦૦ આભારવિધિ, આરતી, ગુરુવંદના
  બપોરે ૧૨-૦૦થી મહાપ્રસાદ
  **યજમાન : હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ, નરોડા**

- ૦૫-૦૪-૨૦૨૦ રવિવાર — **રામનવમી (પૂજ્ય શ્રીમોટાનો નિર્ગુણ સાક્ષાત્કાર દિન)**
  હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા ઉત્સવની વિગતો પ્રકાશિત કરવામાં આવશે.

- ૦૫-૦૭-૨૦૨૦ રવિવાર — **ગુરુપૂર્ણિમા**
  સવારે ૭-૩૦ થી ૮-૦૦ હળવો નાસ્તો
  સવારે ૮-૦૦ થી ૧૧-૩૦ પ્રાર્થના, હરિઃૐ ધૂન, ભજન
  સવારે ૧૧-૩૦ થી ૧૨-૦૦ આરતી
  સવારે ૧૧-૩૦ થી ૧૨-૦૦ આભારવિધિ, આરતી, ગુરુવંદના
  બપોરે ૧૨-૦૦થી મહાપ્રસાદ

- ૦૬-૦૯-૨૦૨૦ રવિવાર — **પૂજ્ય શ્રીમોટાનો ૧૨૩મો અવતરણ દિન** (ભાદરવા ચોથ, ૪-૯-૨૦૨૦, શુક્રવાર)
  વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

- ૨૫-૧૦-૨૦૨૦ રવિવાર — **વિજયાદશમી (ધજા આરોહણનો દિવસ)**
  સવારે ૭-૩૦ ધજા આરોહણ વિધિ
  **યજમાન : આશરા પરિવાર**

- ૧૪-૧૧-૨૦૨૦ શનિવાર — **ચોપડાપૂજન (શારદાપૂજન) દિવાળી**

- ૧૬-૧૧-૨૦૨૦ સોમવાર — **નૂતન વર્ષાભિનંદન (બેસતું વર્ષ)**

---

હરિઃ ૐ આશ્રમ નડિયાદ દ્વારા પ્રકાશિત હરિઃૐ ગુંજન મેગેઝિન નિઃશુલ્ક આપતા હતા તેના બદલે હવેથી ટ્રસ્ટીગણ દ્વારા લવાજમ નીચે મુજબ લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનો અંક દર બે માસે પાંચમી તારીખ સુધીમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની સર્વે સ્વજનોને જાણ સારુ તેમજ તેનું લવાજમ ત્વરીત મોકલી આપવા વિનંતી. જેથી આપનો અંક સમયસર મોકલી શકાય.

**● લવાજમના દર ●**

| વાર્ષિક | પાંચ વર્ષ માટે | દસ વર્ષ માટે |
|---|---|---|
| રૂ. ૬૦/- | રૂ. ૨૫૦/- | રૂ. ૪૦૦/- |

The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**






## (BOOK-POST - Printed Matter)

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from 89, Payal Park, Near Star Bazar, Satellite, Ahmedabad-380015.
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL